# પીએમ મોદીને મળ્યો લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર



## શરદ પવાર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મળ્યા, વિપક્ષી ગઠબંધનના નેતાઓના હૃદયના ધબકારા વધી ગયાં

મુંબઈ,તા. ૨

રાજકારણમાં મળવું અને છૂટા પડવું એ સિલસિલો ઘણો જૂનો છે. આજે પુનાથી એક એવી તસવીર સામે આવી છે જેને જોઈને વિપક્ષી ગઠબંધનના નેતાઓના હદયના ધબકારા કદાચ ચૂકી જશે. પુનામાં એક જ મંચ પર જ્યારે એનસીપી ચીફ શરદ પવાર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મળ્યા તો જાણકારોને જાણે એવું લાગવા લાગ્યું કે શું ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા કઈક મોટી ગેમ થવાની છે કે શું. શું તાજેતરમાં એનસીપીનું શિંદે સરકાર સાથે જવું એ સમજી વિચારેલી રણનીતિ હતી? આવો સવાલ તો ત્યારથી ઉઠી રહ્યો છે જ્યારથી અજિત પવાર મહારાષ્ટ્ર સરકારમાં સામેલ થયા. પરંતુ આજે મોદી અને પવારની આ મુલાકાત જોઈને ફરી ચર્ચા ચગડોળે ચડી છે. શરદ પવાર અને પીએમ મોદી જે રીતે હાસ્ય વેરી રહ્યા છે તે જોઈને માત્ર કોંગ્રેસ જ નહીં પરંતુ સમગ્ર વિપક્ષી ગઠબંધનને હવે કદાચ એ ડર સતાવતો હશે કે તેમણે હવે તૂટથી બચવું પડશે. આ એક એવો સમય છે જ્યારે ભાજપ વિરુદ્ધ વિપક્ષ હજુ બરાબર એકજૂથ થઈ શક્યો નથી. વાત જાણે એમ છે કે રાજકારણમાં હસવું, મુસ્કુરાવવું, થપથપાવવું એ બધાના પણ પોત પોતાના અલગ અર્થ હોય છે. આજે જ્યારે કઈક આ અંદાજમાં શરદ પવાર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત થઈ તો ચર્ચા શરૂ થઈ. પવારની પોતાની બનાવેલી પાર્ટી તૂટી, સત્તા છૂટી, છેલ્લા કેટલાક દિવસોથી તેઓ મોદીની ટીકા કરતા હતા પરંતુ આજે આ તસવીર કઈક અલગ જ બતાવતી હતી. મોદીને મળીને પવાર ખડખડાટ હસી રહ્યા હતા. વિપક્ષી ગઠબંધન ઁ.દ્ગ.ડ્ઢૈં.છ ના નેતાઓએ તેમને રોકવાની ખુબ કોશિશ કરી પરંતુ મહારાષ્ટ્રના ચાણક્ય ન માન્યા. તેઓ આજે આ કાર્યક્રમ માટે કેટલાક બેતાબ હતા તે તમે એ વાતથી સમજી શકો કે પુનાના એ મંચ પર પવાર સૌથી પહેલા જઈને બેસી ગયા હતા. આ અવસર હતો લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર સમારોહનો. પીએમ મોદીને તેમના 'સર્વોચ્ચ નેતૃત્વ' અને 'નાગરિકોમાં દેશભક્તિની ભાવના જગાડવા' બદલ આ પુરસ્કારથી સન્માનિત કરાયા છે. અનેક દિવસથી આ કાર્યક્રમ ચર્ચામાં હતો. કે શું પવાર જશે? પીએમ મોદીને કેવી રીતે મળશે પવાર. જોકે તમામ અટકળો અને વિપક્ષી ગઠબંધનના ઘટક પક્ષોની આપત્તિઓ છતાં પીએમ મોદી સાથે પવારે મંચ શેર કર્યુ. વિપક્ષી દળોના ગઠબંધન ઈન્ડિયાએ પવારને કહ્યું હતું કે આવા સમયમાં કે જ્યારે ભાજપ વિરુદ્ધ એકજૂથ થઈને મોરચો બનાવવામાં આવી રહ્યો છે, તેમનું આ કાર્યક્રમમાં સામેલ થવું વિપક્ષ માટે સારું નહીં હોય. પવારે તે સાંસદો સાથે મુલાકાત ન કરી જે તેમને આ સમારોહમાં સામેલ ન થવા માટે મનાવવા માંગતા હતા.

# હવે ધાર્મિક-પ્રવાસન સ્થળો ઉપર શરૂ થશે 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ

## ગુજરાતમાં ૧૩ સહિત સમગ્ર દેશમાં કુલ ૧૮ નવા 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ શરૂ કરવાનું આયોજન : છેલ્લા ૫ વર્ષમાં હાથશાળ અને હસ્તકલાના ૩૦હજાર કારીગરો પાસેથી રૂા. ૩૨.૫૭ કરોડના ઉત્પાદનોની ખરીદી : હાલમાં ગુજરાત સહિત દેશભરમાં ૨૦ 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ કાર્યરત








(જીએનએસ) તા. ૨

હાથશાળ અને હસ્તકલા કારીગરો દ્વારા ઉત્પાદિત હાથ બનાવટની વસ્તુઓના વેચાણમાં વધારો કરવા કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ તરીકે આગામી સમયમાં ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસનિગમ (GSHHDC) ગુજરાત સહિત દેશભરમાં નવા ૧૮ 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ શરુ કરશે.

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ (GSHHDC) લિમિટેડ દ્વારા રાજ્યના હાથશાળ-હસ્તકલાને તથા કારીગરોને પ્રોત્સાહન આપવા માટે 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ ચલાવવામાં આવે છે કે જ્યાં રાજ્યના નાના-મોટા ગામો તથા આંતરિયાળ વિસ્તારના હાથશાળ-હસ્તકલા કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. હાલમાં ગુજરાતમાં ૧૩ તથા ગુજરાતની બહાર ૭ સહિત કુલ ૨૦ 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ કાર્યરત છે તેમજ સાથે એક ઈ-સ્ટોર પણ કાર્યરત છે.

### ધાર્મિક-પ્રવાસન સ્થળો પર ખુલશે નવા 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યના હાથશાળ-હસ્તકલા કારીગરોને વધુ પ્રોત્સાહન આપવા તથા વધુ આવક અપાવવા માટે અનેક મહત્વની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે અને તેના હેઠળ રાજ્યમાં આગામી સમયમાં વધુ ૧૮ નવા 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ શરુ કરવામાં આવશે. રાજ્ય સરકાર તેમજ GSHHDCએ આ માટે હવે રાજ્ય તથા દેશના ધાર્મિક અને પ્રવાસનસ્થળોપર ફોકસ કરવાનો નિર્ણય કર્યો છે કે જ્યાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ-શ્રદ્ધાળુઓ ઉમટે છે. આ જ ઉદેશથી હવે ધાર્મિક-પ્રવાસન સ્થળો પર ૧૮ નવા 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ શરુ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

### કયા-કયા સ્થળે શરુ થશે 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ ?

GSHHDCએ ગુજરાત તથા દેશના અન્ય ધાર્મિક તથા પ્રવાસન સ્થળોએ 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ શરૂ કરવા માટેના પ્રયાસો શરૂ કર્યા છે. GSHHDCના મૅનેજિંગ ડાયરેક્ટર લલિત નારાયણસિંહ સાંદુએ આ અંગેની વિગતો આપતા જણાવ્યુંકે, "ગુજરાતમાં કુલ ૧૩ સ્થળોએ નવા 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ ખોલવામાં આવશે કે તેમાં સુરત, પાલનપુર, પાલિતાણા, જામનગર, વલસાડ, વાપી, દ્વારકા, ડાકોર, સોમનાથ, અંબાજી, નવસારી, મોરબી અને પાવાગઢનો સમાવેશ થાય છે. આ ૧૩ સ્થળોમાં મોટાભાગના ધાર્મિક તથા પ્રવાસન સ્થળો છે. તેવી જ રીતે ગુજરાત બાહર મહારાષ્ટ્રમાં મુંબઈ તથા પુણે ખાતે રાજસ્થાનમાં ઉદયપુર, નાથદ્વારા તેમજ જયપુર ખાતે નવા ગરવી-ગરવી ગુર્જરી એમ્પોરિયમ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે."

### લાભાર્થી કારીગરોની સંખ્યા ૧૦ હજાર કરવાનું લક્ષ્ય

GSHHDCના જોઈન્ટ ડાયરેક્ટર શ્રી આર. આર. જાદવે 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમની કામગીરી અંગે માહિતી આપતાં જણાવ્યું કે "ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ સાથે હાલમાં રાજયના લગભગ ૬ હજાર કળા-કારીગરો જોડાયેલા છે અને આ આંકને ૧૦ હજાર સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે." તેમણે જણાવ્યું કે નિગમે વર્ષ ૨૦૧૮-૧૯થી ૨૦૨૨-૨૩ એટલે કે છેલ્લા ૫ વર્ષમાં હાથશાળ અને હસ્તકલાના લગભગ ૨૯,૭૬૩ હજાર કારીગરો પાસેથી રૂા. ૩૨ કરોડ ૫૭ લાખ ૬ હજારના ઉત્પાદનોની ખરીદી કરી છે. હાલમાં કાર્યરત ૨૦ 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમો અને એક ઈ-સ્ટોર થકી છેલ્લા ૫ વર્ષમાં રૂા. ૬૦ કરોડ ૧૭ લાખ ૪૬ હજારના ઉત્ત્રૈ

મ, આ નવા એમ્પોરિયમના પગલે ગુજરાતના કલા-વારસાને નવું પ્લેટફોર્મ પ્રાપ્ત થશે અને સરવાળે કારીગરોને રોજગાર માટેની નવી તકો ઉપ્લબ્ધ થશે.

# UCC ઉપર સીએમ યોગીનું નિવેદન 'વન નેશન વન લૉ' લાગુ કરવો પડશે



(જી.એન.એસ)

ઉત્તરપ્રદેશ,તા. ૨

દેશમાં UCC વિશે ઘણી ખોટી માહિતી છે. આપણે સામાજિક ન્યાયની વાત કરીએ છીએ પણ પરિવારને જ ન્યાય આપી શકતા નથી. શરુઆત તો તેની પરિવારથી જ કરવી પડશે. પછી તે લગ્નની વાત હોય કે મિલકત અને વારસાની. તે બધા માટે સમાનરૂપે લાગુ થવું જોઈએ. દેશમાં "વન નેશન વન લો"ની થિયરી લાગુ થવી જોઈએ, જો એક દેશના નાગરિકો હોય તો બધાને સમાન કાયદો લાગુ પડવો જોઈએ : UCC પર સીએમ યોગીનું નિવેદન ANI સાથેની ખાસ વાતચીતમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, દેશમાં "વન નેશન વન લો"ની થિયરી લાગુ થવી જોઈએ. જો એક દેશના નાગરિકો હોય તો બધાને સમાન કાયદો લાગુ પડવો જોઈએ. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે દુનિયામાં લઘુમતી સમુદાય પોતાના માટે વિશેષ અધિકારો માંગતો નથી, તે બહુમતી સમાજ સાથે જોડાવાની વાત કરે છે. ભારતની અંદર આ લોકો લઘુમતીના નામે પોતાના માટે વિશેષ અધિકારોની માગ કરે છે. ભારતનો કાયદો દરેક વ્યક્તિએ સ્વીકારવો જોઈએ. કારણ કે તેનામાં જ દરેકની સુરક્ષા અને દરેકની સમૃદ્ધિ રહેલી છે. આ પહેલા સીએમ યોગી આદિત્યનાથે યુપીમાં બુલડોઝરની કાર્યવાહી પર પોતાની વાત રાખતા કહ્યું હતું કે જો દેશનો વિકાસ કરવો હશે તો કોદાળી અને પાવડો નહીં ચાલે. તેમને કહ્યું કે આજના સમયમાં બુલડોઝર અને આધુનિક મશીનોની જરૂર પડશે. તેમને કહ્યું કે યુપીમાં કોઈ નિર્દોષના ઘર પર બુલડોઝર ચલાવવામાં આવ્યું નથી. તેમને કહ્યું કે જો કોઈને લાગે છે કે તેમની સાથે ખોટું થયું છે, તો ન્યાયતંત્ર દરેક માટે ખુલ્લું છે. "યુપીની જનતાને માફિયાઓથી મુક્તિ જોઈએ છે.." : સીએમ આદિત્યનાથ યોગીએ જણાવ્યું હતું. સીએમ યોગીએ કહ્યું, જો કોઈ સરકારી સંપત્તિ પર અતિક્રમણ કરશે તો તેની આરતી કરવામાં આવશે નહીં. આપણે એ પણ જોવું પડશે કે ઉત્તર પ્રદેશના લોકો શું ઈચ્છે છે. ઉત્તર પ્રદેશના લોકોને આ માફિયાઓથી મુક્તિ જોઈએ છે. તેમને રાજ્યમાં સુરક્ષાની જરૂર છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં જે રીતે ભાજપને જનાદેશ મળ્યો હતો તેનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે જનતા અમારા દરેક નિર્ણયની સાથે છે. રાજ્યની અંદર કાયદાનું શાસન હોવું ખૂબ જ જરૂરી છે અને દરેક વ્યક્તિને સુરક્ષા મળવી જોઈએ.

# બિપરજોય વાવાઝોડાથી થયેલા નુકસાનમાં કચ્છ અને બનાસકાંઠા જીલ્લા માટે ૨૪૦ કરોડનું પેકેજ



## ખેડૂતોએ તાલુકા વિકાસ અધિકારી પાસે અરજી કરવાની રહેશે

ગાંધીનગર,તા. ૨

આખરે બિપોરજોય સહાય ચુકવવા સરકારે ઠરાવ કર્યો છે. કચ્છ અને બનાસકાંઠા જીલ્લા માટે ૨૪૦ કરોડનુ પેકેજ જાહેર કરાયુ હતું. જેમાં કેવી રીતે અરજી કરવી, કોને સહાય મળશે અને કોને નહિ મળે તે માહિતી સામે ઈવી છે. સરકારે જાહેર કરેલ પરિપત્ર મુજબ, ખેડૂતોએ તાલુકા વિકાસ અધિકારી પાસે સહાય માટેની અરજી કરવાની રહેશે. સરકારી, સહકારી કે સંસ્થાકીય જમીન ધારકોને પેકેજનો લાભ નહી મળે. સરકારે બિપોરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવા ઠરાવ કર્યો છે. બિપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્તોને સહાય મળશે. સરકારે ૨૪૦ કરોડ રૂપિયાનું સહાય પેકેજ જાહેર કર્યું હતું. ખાસ કરીને વાવાઝોડાથી સૌથી વધુ અસરગ્રસ્ત કચ્છ અને બનાસકાંઠા જિલ્લા માટે સહાય પેકેજ જાહેર કર્યું હતું. ખેડૂતોએ તાલુકા વિકાસ અધિકારી પાસે આ સહાય માટે અરજી કરવાની રહેશે. સાથે જ સરકારે જણાવ્યું કે, સરકારી, સહકારી કે સંસ્થાકીય જમીન ધારકોને પેકેજનો લાભ નહી મળે. ૩૩ ટકાથી વધારે નુકસાનમાં ૮૫૦૦ની સહાય મળશે. તો મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય મળશે. સાથે જ જણાવ્યું કે, આ પેકેજ હેઠળ ખાતેદાર ખેડૂત એક કરતા વધુ ખાતા ધરાવતા હશે તો પણ એક જવાર સહાય મળવાપાત્ર થશે. ખેડૂત દ્વારા આધાર નંબર ન મેળવેલ હોય તો આધાર એક્ટમાં નિયત કરેલ જોગવાઈ મુજબ જરૂરી પુરાવા રજૂ થયે સહાય મળવાપાત્ર થશે. આ પેકેજ અંતર્ગત ફોરેસ્ટ રાઈટ એક્ટ હેઠળ નોટિફાઈડ થયેલા જિલ્લાઓમાં વન અધિકાર પત્ર મેળવેલ હશે તેવા ખેડૂત ખાતેદારોને પણ લાભ મળવાપાત્ર થશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે બિપોરજોય વાવાઝોડામાં થયેલ પાક નુકશાન અંગે ૨૪૦ કરોડનું પેકેજ જાહેર કરાયુ હતું. જેમાં સીએમ ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં રાજ્યમાં તાજેતરમાં બિપરજોય વાવાઝોડાને કારણે ખેતી-બાગાયતી પાકોને થયેલા વ્યાપક નુકસાનમાંથી તેમને પૂર્નઃબેઠા કરવાના હેતુથી સર્વગ્રાહી સમીક્ષા કરીને રૂપિયા ૨૪૦ કરોડનું રાહત-સહાય પેકેજ જાહેર કરાયું હતું.

# જાપાનમાં વિશ્વનું પ્રથમ જૈન ગુરુ મંદિર બનશે



## જાપાની મનોવૈજ્ઞાનિક ડોક્ટર ચુરુસુ જૈન ધર્મથી પ્રભાવિત થઈ હાલ તુલસી બની ગઈ

સુરત,તા.૨

જાપાનમાં વિશ્વનું પ્રથમ જૈન ગુરુ મંદિર બનવા જઈ રહ્યું છે. જાણીને આશ્ચર્ય થશે પરંતુ જાપાનમાં આશરે પાંચ હજાર વધુ લોકો જૈન ધર્મનું પાલન કરી રહ્યા છે અને આતુરતાથી જૈનાચાર્ય જયંતસેન સૂરીશ્વરજીની ગુરુમુર્તિની રાહ જોઈ રહ્યા છે. જાપાનના લોકો જે હાલ જૈન ધર્મને અંગીકાર કરી ચૂક્યા છે. આ લોકો બનાસકાંઠા પહોંચી ગયા છે અને પોતાના ગુરુની પ્રતિમા જાપાનમાં સ્થાપિત કરવા માટે આતુર છે. જાપાની મનોવૈજ્ઞાનિક ડોક્ટર ચુરુસુ જૈન ધર્મથી પ્રભાવિત થઈ હાલ તુલસી બની ગઈ છે અને તેઓ પણ ગુરુ મહારાજની પ્રતિમા લેવા માટે ગુજરાત આવી છે. તુલસીના કારણે જ જાપાનમાં હજારોની સંખ્યામાં લોકો જૈન ધર્મથી પ્રભાવિત થયા છે. ગુરુજીની પ્રતિમા જાપાન લઈ જવા માટે ખાસ વિમાનની વ્યવસ્થા છે. જેમાં ગુરુજીની પ્રતિમાની પણ ટિકિટ કઢવામાં આવી છે. આગામી તારીખ ૩૧ જુલાઈએ જાપાનથી આવેલા લોકો બનાસકાંઠાના નેનાવાથી જૈનાચાર્ય જયંતસેન સુરિશ્વરજીની ગુરુમૂર્તિને વિમાન મારફતે જાપાન લઈ જશે. જાપાનમાં જૈનાચાર્યની પ્રેરણાથી હજારો લોકો માંસાહાર ત્યાગ કરી ચૂક્યા છે. જૈન શાસનની અભૂતપૂર્વ ઘટનાઓ પૈકીની એક ઘટના હાલમાં જ ગુજરાતમાં સાકાર થઈ રહી છે. જાપાનમાંથી એક ગ્રુપ ગુજરાત આવ્યુ છે. તેઓ બનાસકાંઠા જિલ્લાના નેનાવા ગામમાંથી જૈનાચાર્ય જયંતસેન સુરિશ્વરજીની ગુરુ મૂર્તિને વિમાન મારફતે જાપાન લઈ જવાના છે. જ્યાં મૂર્તિનું સ્થાપન કરીને પૂજા ભક્તિ કરાશે. આ જાપાનીઝ ગ્રુપ જૈન વિચારધારાથી પ્રભાવિત છે. માત્ર આ ગ્રુપ નહિ જાપાનમાં હજારો લોકો જૈન ધર્મના આચાર વિચાર પાળે છે. જાપાનીઝ ગુરુદેવ અને જૈન ધર્મથી કઈ રીતે પ્રભાવિત થયા એ વિશે અમૃતભાઈ વધુમાં જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૦૫ માં જાપાનથી એક ગ્રુપ ભારતમાં રાજસ્થાનના પ્રવાસે આવ્યુ હતું. એ ગ્રુપમાં એક મહિલા હતી, જેનું નામ ચૂરુસુ હતું. એમના ગાઈડના કહેવાથી તેઓ જૈનાચાર્ય જયંતસેન સુરિશ્વજીના દર્શન માટે ગયા. જ્યાં ગુરુદેવની વાણી વર્તનથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. ગુરુદેવે ચૂરુસીને નવકાર મંત્ર પણ આપ્યો અને જાપ કરવા કહ્યું. બાદમાં જાપાન પરત ફર્યા પછી ત્રણ મહિના બાદ ફરી તેઓ ભારત આવ્યા અને ગુરુદેવના દર્શન કર્યા. નવકાર સિદ્ધ કરવાની ગુરુજીની આજ્ઞાથી ચુરુસુએ દરરોજ ૧૫ થી ૧૮ કલાક જાપ શરૂ કર્યા. હિન્દી પણ શીખી લીધું. ગુરુદેવ એમને નવુ નામ તુલસી આપ્યુ. તેઓ મનોચિકિત્સક હતા. તુલસીએ એક રીતે હવે પુર્ણ પણે જૈન બની ગયા. એટલું જ નહીં તેમણે જાપાનમાં જૈન ધર્મનો પ્રચાર શરૂ કર્યો. એમના પ્રતાપે જાપાનમાં ૫૦૦૦ થી વધુ લોકોએ માંસાહારનો ત્યાગ કર્યો છે. છેલ્લા ૭ વર્ષથી જાપાનમાં નિયમિત સાંજે ગુરુ આરતી થાય છે, તો દર મહિને ગુરુદેવની પુણ્યતિથિ મનાવવામાં આવે છે. જાપાનમાં ડો.તુલસી નાં નવકાર જાપ આજે પણ દિવસમાં ૮ કલાકથી વધુ ચાલે છે. દરરોજ ૧૦૮ મણકાની એક માળા એવી ૧૦૮ માળા જાપ કરે છે. અભ્યાસથી સાયકોલોજીસ્ટ ડો. તુલસી ગુરુજીના કહેવા અનુસાર દર્દીને દવા નહિ પણ નવકાર આપે છે. જેનાથી હજારો દર્દી સાજા થયા છે. પેરાલિસિસમાં પણ મંત્રના સારા પરિણામ મળ્યા છે. ડો. તુલસીને જૈનાચાર્યએ કહ્યું કે, દીક્ષા બાદ તમે ભારત નહિ છોડી શકો. ને તમારે જાપાનમાં ધર્મના ઘણા કામ કરવાના છે.

# કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જિલ્લા, મહાનગરોના પ્રમુખોને ચેતવણી આપી

અમદાવાદ,તા.૨

લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે, તેમ તેમ રાજકીય પક્ષોમાં ચહલપહલ વધી ગઈ છે. ચૂંટણી પહેલાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ આકરા પાણીએ જોવા મળ્યા છે. ગુજરાત કોંગ્રેસના જિલ્લા, મહાનગરોના પ્રમુખોને શક્તિસિંહે ચેતવણી આપી છે. શક્તિસિંહે કહી દીધું કે, કામ કરો નહીં તો હોદો છોડવાની તૈયારી રાખો. વિધાનસભા ચૂંટણીમાં ભુંડા હાલ બાદ હવે ગુજરાત કોંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં નસીબ અજમાવવા મેદાને આવ્યું છે. ગુજરાત કોંગ્રેસને હવે નવા સુકાની મળ્યા છે. શક્તિસિંહ ગોહિલને સત્તા પર આવ્યે હજી બે જ મહિના થયા છે, ત્યારે તેઓએ સપાટો બોલાવ્યો છે. રાજયના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકાના પ્રમુખની એક બેઠક કોંગ્રેસ કાર્યાલયમાં મળી હતી. આ બેઠકમાં શક્તિસિંહ આકરા પાણીએ આવ્યા હતા. તેઓએ કોંગ્રેસના જિલ્લા, મહાનગરોના પ્રમુખોને આકરા શબ્દોમાં ચેતવણી આપી છે.

# પાટીદારોના સંમેલનમાં હાર્દિક પટેલની ગેરહાજરી



## લાલજી પટેલે કહ્યું મહેસાણા જિલ્લા પૂરતા સિમિત આગેવાનોને જ આમંત્રણ હતું

મહેસાણા,તા. ૨

મહેસાણા ખાતે યોજાયેલ પાટીદાર સ્નેહ મિલન સમાહોરમાં ગુજરાતભરમાંથી પાટીદારો ઉમટ્યા હતા. ત્યારે આ સ્નેહમિલનમાં એક નેતાની ગેરહાજરી આંખે ઉડીને વળગે તેવી છે. મહેસાણામાં પાટીદાર સમાજનો મોટો કાર્યક્રમ હતો. CMથી માંડીને મંત્રીઓ, નીતિન પટેલ જેવા દિગ્ગજ નેતાઓ હાજર હતા. આ કાર્યક્રમનું આમંત્રણ કોંગ્રેસના સ્ન્છ ને પણ હતું પણ હાર્દિક પટેલની ગેરહાજરી જોવા મળી હતી.. આંદોલનમાં સક્રિય રહેલા હાર્દિક પટેલ સામાજિક કાર્યક્રમમાં ગેરહાજર રહેતા ચર્ચાનું બજાર ગરમ થયું છે. મહેસાણામાં પાટીદારોનું શક્તિ પ્રદર્શન થયું હતું. આ શક્તિ પ્રદર્શન લોકસભાની ચૂંટણી પહેલા વધુ ફોકસમાં આવ્યું છે. જેમાં ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં પાટીદારો ઉમટ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નીતિન પટેલ સહિત અનેક દિગ્ગજો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ શક્તિ પ્રદર્શનમાં ધાર્મિક અને સામાજિક સંસ્થાના વડાઓ હાજર રહ્યા હતા. રાજકીય અને ઉદ્યોગ જગતની હસ્તીઓ પણ હાજર રહી હતી. આ મહાસંમેલનમાં કડવા અને લેઉવા પાટીદારના મોટા નેતા પણ જોડાયા હતા. ત્યારે કાર્યક્રમમાં જો કોઈ ન દેખાયુ, તો તે હાર્દિક પટેલ હતા. પાટીદારોનું નામ પડે અને હાર્દિક પટેલ ન હોય તેવુ તો બને જ નહિ. ત્યારે સૌને એવો સવાલ હતો કે, હાર્દિક પટેલ કેમ હાજર રહ્યા ન હતા. કેમ હાર્દિક પટેલની કાર્યક્રમમાંથી બાદબાકી કરાઈ હતી. ત્યારે હાર્દિક પટેલની ગેરહાજરી વિશે એસપીજીના લાલજી પટેલે આ વિશે જણાવ્યું કે, મહેસાણા જિલ્લા પૂરતા સિમિત આગેવાનોને જ આમંત્રણહતું. વિજાપુર, વિસનગર, ઊંઝા, પાટણના ભાજપ-કોંગ્રેસના નેતાઓ અને આગેવાનોને હાજરી આપી હતી.




દુઃખદ અવસાન
બેસણું

સ્વ. લીનાબેન ભદ્રેશકુમાર ભટ્ટ
સ્વ.તા. ૩૧/૦૭/૨૦૨૩, સોમવાર

દિલગીરી સાથે જણાવવાનું કે જુનાગઢ નિવાસી શ્રી ભદ્રેશકુમાર ચંદ્રવદનભાઈ ભટ્ટ ના પત્ની, મીતાલી અને સીધ્ધાર્થ ભટ્ટના માતુશ્રી તથા યોગેશભાઈ એમ. રાવલ, ભાવેશભાઈ એમ. રાવલ ના મોટા બહેન નું તા.૩૧/૦૭/૨૦૨૩ ને સોમવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરંતુ ઈશ્વર ઈચ્છા બળવાન છે. પ્રભુ તેમના પરમ આત્માને શાંતિ આપે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

સદ્ગતનું બેસણું : તા.૦૩/૦૮/૨૦૨૩ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે • સ્થળ : હરીવાડી હાટકેશ હોસ્પિટલ પાસે, જુનાગઢ ખાતે રાખેલ છે.

| | |
|---|---|
| શ્રી ભદ્રેશકુમાર સી. ભટ્ટ | શ્રી સિધ્ધાર્થ બી. ભટ્ટ |
| શ્રી સંજયભાઈ સી. ભટ્ટ | શ્રી આકૃતિબેન એસ. ભટ્ટ |
| શ્રી હેમાબેન એસ. ભટ્ટ | શ્રી માનવ એસ. ભટ્ટ |
| શ્રી મીતાલી બી. ભટ્ટ | ભટ્ટ પરિવારના જયશ્રી કૃષ્ણ |

મીતાલીબેન - ૭૦૧૫૫ ૧૩૬૬૫
યોગેશભાઈ - ૯૬૦૧૨ ૭૬૦૫૨

VIKAS-68795 18143

## વિશ્વ હિપેટાઈટિસ દિવસની ઉજવણી કરાઈ

# હિપેટાઈટિસ પ્રદુષિત પાણી- ખોરાકના સેવનથી થઈ શકે છે હિપેટાઈટિસ રોકવનો શ્રેષ્ઠ ઉપાય રસીકરણ

જૂનાગઢ, તા. ૨

ભારતસરકાર અને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જૂનાગઢ દિશા-ડાપ્કુ, ટીબી વિભાગ અને જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ હિપેટાઈટિસદિવસની ઉજવણી નોડલ અધિકારી CDHOશ્રી, સબ નોડલ અધિકારી ડો.ચંદ્રેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેમાં જિલ્લા જેલ, નર્સિંગ સ્કૂલ, શાળા, કોલેજ દરેક આઈસીટીસી સેન્ટરો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા, તાલુકા અને ગ્રામ્યકક્ષાએ હીપેટાઈટીસ દિવસ'' ની ઉજવણી કરવામાં આવી હતી.

હિપેટાઈટિસની સમજ આપતા જણાવાયું હતું કે, હિપેટાઈટિસએ યકૃત ઉપરના સોજા તરીકે ઓળખાય છે. યકૃત એક મહત્ત્વનું અંગ છે જે પોષક તત્ત્વો ઉપર પ્રક્રિયા કરે છે, લોહીને ફિલ્ટર કરે છે અને ચેપ સામેરક્ષણ આપે છે. જ્યારેયકૃત ઉપર સોજો આવે અથવા તેને નુકસાન થાય છે, ત્યારે તેના કાર્ય ઉપર અસર થઈ શકે છે. એ.બી.સી.ડી. અને ઈ એમ પાંચ પ્રકારના હિપેટાઈટિસ જોવા મળે છે જેમાં એઅનેઈ પ્રદુષિત પાણી અને ખોરાકના સેવનથી ફેલાય જ્યારે બી.સી.ડી. ચેપ ગ્રસ્ત લોહી, ચેપ ગ્રસ્ત સોય નીડલના ઉપયોગથી, સગર્ભાવસ્થામાં માતાથી બાળકને, દારૂનું સેવનથી. હિપેટાઈટિસના લક્ષણો ઝાડા- ઉલટી, પેટમાં દુઃખાવો. વજન ઉતરવું, નબળાઈ, પગમાં સોજા અને દુઃખાવો, આંખોમાં પીળાશ, તાવ વગેરે જોવા મળે છે. હિપેટાઈટિસ રોકવા માટે બહારનું ખાવાનું ટાળો, યોગ્ય રીતર ફળ, શાકભાજી ધોવા, દર વખતે નવી સોયનો ઉપયોગ, દુષિત પાણી ખોરાક ના લેવા, અસુરક્ષિત જાતીય સંબધ ટાળવો જોઈએ. હિપેટાઈટિસ રોકી શકાય તેનો શ્રેષ્ઠ ઉપાય રસીકરણ છે.

# જૂનાગઢ જીલ્લાનો તાલુકા, ઝોનકક્ષાનો યુવા ઉત્સવ યોજાયો





જૂનાગઢ,તા. ૧

કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનીકચેરી, ગાંધીનગર આયોજીત જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢ સંચાલિત ઝોન/તાલુકાકક્ષા યુવા ઉત્સવ યોજાયો હતો. જેમાં વયજૂથ 'અ' વિભાગ ૧૫ વર્ષથી ઉપર અને ૨૦ વર્ષ સુધીના, 'બ' વિભાગ ૨૦ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના અને 'ખુલ્લો' વિભાગ ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના સ્પર્ધક કલા વિભાગ ,સાહિત્ય વિભાગ અને સાંસ્કૃતિક વિભાગની અલગ અલગ કૃતિઓમાં ભાગ લીધો હતો. વિવિધ ૯ તાલુકા કક્ષા અનેવિવિધ ૮ ઝોનકક્ષામાં આ સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ટુંક સમયમાં યોજાનાર જૂનાગઢ જિલ્લા કક્ષા/ શહેર કક્ષા યુવા ઉત્સવમાં ઝોન/ તાલુકાકક્ષા વિજેતા સ્પર્ધકો સ્પર્ધામાં ભાગ લેશે. એમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારિની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ઈન્ડિયા પોસ્ટના સહયોગમાં ITC બહાર પાડે છે મિલેટ્સ ઉપરની વિશેષ ટપાલ ટિકિટ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨

ભારતના મલ્ટિ-બિઝનેસ સાહસોમાંથી એક ITC લિમિટેડે ટપાલ ખાતા, સંચાર મંત્રાલયના સહયોગમાં આજે નવી દિલ્હીમાં એક વિશિષ્ટ ટપાલ ટિકિટ બહાર પાડી હતી. ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સની ઉજવણીના માનમાંશરૂ કરાયેલી ITCની પહેલ મિશન મિલેટના ભાગરૂપે, શ્રી અન્નની ઉજવણી કરતી વિશિષ્ટ ટપાલ ટિકિટ બહાર પાડવામાંતથા મિલેટ્સ (જાડું ધાન્ય) વિશે રાષ્ટ્રવ્યાપી જાગરુકતા લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ વિશિષ્ટ ટપાલ ટિકિટનું વિમોચન ભારત સરકારના કૃષિ અને ખેડૂત વિકાસ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન, કૈલાશ ચૌધરીના હસ્તે ચિફ પોસ્ટ માસ્ટર જનરલ, ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ, સંવાદ મંત્રાલયનાં સુશ્રી મંજુ કુમાર અને ITC લિમિટેડના ગ્રુપ હેડ-એગ્રી બિઝનેસ, એસ. સિવકુમારની હાજરીમાં નવી દિલ્હી ખાતે થયું હતું. માનનીય વડા પ્રધાન દ્વારા શરૂ કરવામાં આવેલી મિલેટ્સ વિશેની ચળવળ બાબતે જાગરૂકતા લાવવા તથા ભારતને વધુ સારી રીતે આહાર લેવામાં મદદ કરવા (હેલ્પ ઈન્ડિયા ઈટ બેટર) માટે ITC કટિબદ્ધ છે.

જુલાઈ ૨૫, ૨૦૨૩ના રોજ ટપાલ ટિકિટના વિમોચન કાર્યક્રમ દરમ્યાન, રાજ્ય કક્ષાના કેન્દ્રિય પ્રધાન કૈલાશ ચૌધરીએ શ્રી અન્નને પ્રોત્સાહનઆપવા માટે ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી વિશે જણાવતા કહ્યું હતું કે, ભારત વિશ્વમાં મિલેટ્સનું સૌથી મોટું ઉત્પાદક અને બીજા ક્રમનું નિકાસકાર છે. ભારતના માનનીય વડા પ્રધાનના નેતૃત્વ હેઠળ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે ઈન્ટરનેશનલ યર ઑફ મિલેટ્સ- ૨૦૨૩ની ઉજવણી જેવી અનેક પહેલો હાથ ધરી છે, જેમાં જી૨૦ એગ્રીકલ્ચર મિનિસ્ટરલ મીટિંગ (એએમએમ), આઈસીએઆર-આઈઆઈએમઆર, હૈદરાબાદને ગ્લોબલ સેન્ટર ઓફ એક્સલન્સ ઓન મિલેટ્સ (શ્રી અન્ન) તરીકે નિયુક્તિ, ૨૦૧૮માં મિલેટને પોષક-ધાન્ય તરીકે જાહેર કરવું અને પોષણ મિશન અભિયાન અંતર્ગત તેનો સમાવેશ કરવો જેવા પ્રયાસોનો સમાવેશ થાય છે. સુનીલ શર્મા, ડેપ્યુટી ડિરેક્ટર જનરલ, ઈન્ડિયા પોસ્ટે જણાવ્યું હતું કે, "વૈશ્વિક સ્તરે ટપાલ ટિકિટો દેશમાંની પ્રગતિશીલ પરિવર્તનોની સાંસ્કૃતિક દષ્ટિએ મહત્વની ગણાય એવી ક્ષણોને સાચવે છે ITC લિમિટેડ સાથેના સહયોગમાં બહાર પાડવામાં આવેલી કસ્ટમાઈઝ્ડ સ્ટેમ્પ, વિશ્વના સુપરફૂડ-મિલેટ્સને મુખ્યધારામાં લઈ આવવાના પ્રવાસમાં એક સીમાચિહ્ન સમાન છે, માત્ર રાષ્ટ્રીય નહીં વૈશ્વિક સ્તરે પણ. આ અત્યંત મહત્વપૂર્ણ પ્રસંગ છે અને રાષ્ટ્રના સહિયારા પ્રયાસોને તે ફળદાયી બનાવશે."

ટપાલ ટિકિટના લૉન્ચ પ્રસંગે વાત કરતા ITC Limitedના ગ્રુપ હેડ, એગ્રી બિઝનેસ શ્રી. એસ. સિવકુમારે જણાવ્યું હતું કે, "મિલેટ્સને મુખ્યધારમાં લાવવા પર સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે, આ પ્રયાસને ટેકો આપવા માટે, ITCએ ITC મિશન મિલેટ્સ નામની સમર્પિત પહેલ શરૂ કરી છે, જેને ૩ આધારસ્તંભની વ્યૂહરચનાનું બળ મળ્યું છે. ઈન્ડિયા પોસ્ટના સહયોગમાં બહાર પડાયેલી આ વિશિષ્ટ ટપાલ ટિકિટ એ મિલેટ્સ માટે મોટું બજાર રચવાની આપણા સહિયારી આકાંક્ષા વિશે જાગરૂકતા વધારવા માટે તથાતેની ઉજવણી બાબતની ITCની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે."

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ : ઓખા-બેટ દ્વારકા 'સિગ્નેચર બ્રીજ'ની ૯૨ ટકા કામગીરી પૂર્ણ

## રૂા. ૯૭૮ કરોડનો ખર્ચ, ૨૩૨૦ મીટર લંબાઈ, દર્શનાર્થીઓ માટે વિશેષ સુવિધાઓથી સજજ


(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

રાજ્યના ઐતિહાસિક અને પ્રવાસનની દૃષ્ટિએ મહત્વપૂર્ણ કેન્દ્રોના વિકાસ માટે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અને મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અમલમાં મૂક્યા છે. તેમાંથી એક છે, ઓખાથી બેટ દ્વારકાને જોડતો 'સિગ્નેચર બ્રીજ'. જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે.

ઓખાથી બેટ દ્વારકા જવા માટે હાલ ફેરી બોટની મદદ લેવી પડે છે. પરંતુ હવે રૂા. ૯૭૮ કરોડના ખર્ચે આ 'સિગ્નેચર બ્રીજ' બનવા જઈ રહ્યો છે. ઓખાથી બેટ દ્વારકા વચ્ચે ૨૩૨૦ મીટરની લંબાઈના આ બ્રીજનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. જેના માટે દરિયાઈ બાર્જ ક્રેનથી સમુદ્રમાં ૩૮ પિલર ઊભાં કરવામાં આવ્યાં છે. માર્ચ ૨૦૧૮માં કામગીરી શરૂ થઈ, ત્યારથી આજ દિન સુધીમાં આ બ્રીજની ૯૨ ટકા ભૌતિક કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ઓક્ટોબર ૨૦૨૩ના અંત સુધીમાં આ બ્રીજ પૂર્ણ થાય તેવી તૈયારી છે.

આ બ્રીજની અનેક વિશેષતાઓ છે. જેમાં બ્રીજની લંબાઈ ૨૩૨૦ મીટર રહેશે, જેમાં ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ રહેશે. ઓખા અને બેટ દ્વારકા બન્ને બાજુ થઈ ૨૪૫૨ મીટર એપ્રોચ રોડ બનાવવામાં આવશે. બ્રીજના મુખ્ય ગાળાની લંબાઈ ૫૦૦ મીટર છે જે ભારત દેશમા સૌથી વધુ લંબાઈ ધરાવતો ગાળો છે. વાહનો પાર્ક કરવા ઓખા તરફ પાર્કિંગ બનાવામાં આવશે. બ્રીજના મુખ્ય ગાળામાં ૧૩૦ મીટર ઊંચાઈ ધરાવતા બે પાયલોન છે. આ ચાર માર્ગીય બ્રીજની પહોળાઈ ૨૭.૨૦ મીટર છે, જેમાં બન્ને બાજુ ૨.૫૦ મીટરના ફૂટપાથ બનાવવામાં આવશે. ફૂટપાથ ઉપર લગાવેલી સોલાર પેનલથી એક મેગાવોટ વિજળીનું ઉત્પાદન થશે, જેનો ઉપયોગ બ્રીજ પરની લાઈટીંગ માટે કરવામાં આવશે. વધારાની વીજળી ઓખા ગામની જરૂરિયાત માટે આપવામાં આવશે. બ્રીજ પર કુલ ૧૨ લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યુ ગેલેરીનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રીજ ઉપર રાત્રિ દરમ્યાન ડેકોરેટીવ લાયટીંગની વ્યવસ્થા કરવામાં આવશે.



# જૂનાગઢ જીલ્લામાં મારી માટી, મારો દેશ અભિયાનની ઉત્સાહભેર થશે ઉજવણી

## જૂનાગઢ જીલ્લાના ૪૯૩ ગામોની માટી એકત્ર કરી દિલ્હી મોકલાશે

જૂનાગઢ, તા. ૨

સમગ્રરાજ્યની સાથે જૂનાગઢ જિલ્લામાં આગામી તા.૯થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન મારી માટી, મારોદેશઅભિયાન યોજાનાર છે. આ કાર્યક્રમની ઉજવણી સંદર્ભે જૂનાગઢ પ્રાંત અધિકારી ભૂમિ કેશવાલાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં મારી માટી મારો દેશ અભિયાન સુચારૂ અને સુવ્યવસ્થિત રીતે ઉજવાય એ માટે પ્રાંતઅધિકારી ભૂમિ કેશવાલાએ સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. તેમને કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, જૂનાગઢ જિલ્લામાં મારી માટી, મારો દેશ અભિયાનની ઉજવણી ભવ્ય રીતે થશે. આ અભિયાન અંતર્ગત શીલાફલકમનું સમર્પણ, પંચપ્રાણ પ્રતિજ્ઞા, વસુધા વંદન, વીરો કો વંદન, ધ્વજવંદન જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે. જૂનાગઢ જિલ્લાના દરેક ગામના સ્વાતંત્ર સેનાનીઓ, વીર શહીદોની યાદમાં સ્મારક તકતીનું નિર્માણ કરાશે. તેમજ દરેક ગામમાં ૭૫ વૃક્ષો વાવીને વસુધા વંદનનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત સંરક્ષણ કર્મચારીઓ, સીઆરપીએફ, રાજય પોલીસ કર્મચારીઓ સ્વતંત્રતા સેનાનીઓના પરિવારોનું પણ સન્માન કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લાના ૪૯૩ ગામ ખાતેથી માટીનો એક કળશ તાલુકા કક્ષાએ એકત્ર કરી આ માટીને દિલ્હી પહોંચાડવામાં આવશે. આ બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી ઠાકોર, આરએફઓ ભાલીયા, તાલુકા શિક્ષણ અધિકારીએ અને બી ડિવિઝનના પોલિસ ઈન્સ્પેક્ટર,સી ડિવિઝન અને તાલુકા પોલીસ સ્ટેશન જૂનાગઢ અને બીલખાના પોલીસ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ સંગ્રહાલય દ્વારા કાર્ડ, વોલ હેંગિંગ, બેગ તથા રાખડી બનાવવાની સ્પર્ધા યોજાશે

જૂનાગઢ, તા.૨

રાજ્યના યુવક સેવા, રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગના પુરાતત્વ ખાતા તથા જૂનાગઢ સંગ્રહાલય દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. આ પર્વના ઉપલક્ષ્યમાં તેની ઉજવણીના આરંભે તા.૧૩-૮-૨૦૨૩ના સવારનાં ૧૦ થી ૧.૩૦ વાગ્યા દરમ્યાન જૂનાગઢ સંગ્રહાલય, તાજ મંઝિલ, સરદાર બાગ, જમીન મોજણી કચેરી પાસે ખાતે આઝાદી પર્વને સંદર્ભમાં રાખીને કાર્ડ, વોલ હેંગિંગ, બેગ તથા રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ૮૩૨૦૦૮૨૭૪૨ નંબર ઉપર રજીસ્ટ્રેશન કરાવવા સંગ્રહાલયના ક્યૂરેટર ડો. શેફાલિકા અવસ્થીની યાદીમાં જણાવાયું છે.

# બહાઉદ્દીન વિનયન કોલેજ અને જૂનાગઢ જીલ્લા સહકારી સંઘ દ્વારા શિક્ષણ તાલીમ વર્ગ યોજાયો

જૂનાગઢ, તા.૨

બહાઉદ્દીન વિનયન કોલેજ, જૂનાગઢના અર્થશાસ્ત્ર વિભાગ અને જૂનાગઢ જીલ્લા સહકારી સંઘ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, (અમદાવાદ), દ્વારા કોલેજ મા તારીખ ૧૭/૭/૨૦૨૩થી ૨૨/૭/૨૦૨૩ સુધી સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ તાલિમ વર્ગમાં ૪૯ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લિધો હતો. તાલીમની શરૂઆત કોલેજના આચાર્ય પી.વી.બારસીયા દ્વારા કરાવવામા આવી હતી. આ તાલિમના ભાગરૂપે તાલિમાર્થીને તારીખ ૨૫/૭/૨૦૨૩ ના રોજ જિલ્લા સહકારી બેંકની મુલાકાત કરાવવામાં આવી હતી, ત્યા તાલિમાર્થીઓ બેંક કામગીરીથી વાકેફ થયા હતા. તાલિમ ના ભાગરૂપે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામા આવ્યું હતું તેમાં ૧૦ તાલિમાર્થીઓ એ ભાગ લિધો હતો. જેમાં પ્રથમક્રમે ચૌહાણ ધવલ કિશોરભાઈ,દ્વિતીય ક્રમે ચુડાસમા વૈશાલી કાનજીભાઈ તૃતીય ક્રમે પાટડીયા મિરલ મનીષાભાઈ આવ્યા હતા. વિજેતા સ્પર્ધકોને શિલ્ડ આપીને પ્રોત્શાહીત કરવામાં આવ્યા હતા. આ તાલિમ, જૂનાગઢ જીલ્લા સહકારી સંઘના રાજય ઠાકરના માર્ગદર્શન હેઠળ આશ્લેષ ત્રીવેદી દ્વારા વિદ્યાર્થીઓને સહકારી તાલિમ આપવામાં આવી હતી. તાલીમના સમાપન સમારંભમાં જૂનાગઢ જિલ્લા સહકારી બેન્કના C.E.O. કિરીટભાઈ પટેલ, બેન્કનાં આસી. મેનેજર, જૂનાગઢ જિલ્લા સહકારી સંઘના ડીરેકટર શ્રી અનિરુધ્ધસિંહ વાળા તથા બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજના એસો.પ્રોફેસર રાજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સહકારી તાલિમના પુર્ણાહીતી સમારંભમાં તાલિમાર્થીઓએ પોતાના અનુભવો આપ્યા હતા અને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. દિના એચ. લોઢીયાએ પોતાના વકતવ્યમા કોલેજના આચાર્ય પી.વી.બારસીયા કોલેજના સમગ્ર સ્ટાફ અને જૂનાગઢ જીલ્લા સહકારી સંઘનો આભાર માન્યો હતો. આ સહકારી તાલિમ વર્ગને સફળ બનાવવા વિભાગના અધ્યક્ષ ડો.દિના એચ. લોઢીયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# સાવરકુંડલા રેન્જમાં ટ્રેને સિંહબાળનો ભોગ લીધો

અમરેલી, તા.૨

અમરેલી જિલ્લામાં જંગલમાંથી પસાર થતી રેલવે લાઈન ઉપર સિંહ અકસ્માતની ઘટનાઓ વારંવાર બનતી રહે છે. તાજેતરમાં ટ્રેન હડફેટે સિંહનું મોત થયું હતું. બાદ ફરી સાવરકુંડલા રેન્જમાં આવેલી બોરાળા રેલવે ફાટક પાસે સિંહબાળનું ટ્રેન હડફેટે મોત થયું છે. અમરેલી ગીર વિસ્તારનો જિલ્લો ગણવામાં આવે છે. અમરેલી વિસ્તારની અંદર અનેક વિસ્તારોની દર સિંહનો વસવાટ છે. સિંહ પરિવાર અવારનવાર રેલવે ટ્રેક ઉપર આવી જાય છે. સાવરકુંડલા રેન્જમાં આવેલી બોરાળા રેલવે ફાટકપાસે આજે એક સિંહબાળ રેલવે ટ્રેક ઉપર આવી ગયું હતું. પેસેન્જર ટ્રેનની હડફેટે સિંહબાળ આવી જતા મોત થયું હતું. આ બનાવવાની જાણ વન વિભાગને થતા વન વિભાગ ઘટના સ્થળે પહોંચ્યું હતું. અમરેલી જિલ્લામાં થોડા દિવસો પહેલા જ ચાર સિંહ ટ્રેનની હડફેટે આવ્યા હતા. જેમાં એક સિંહનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. ત્યારબાદ એક સિંહનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મધ્ય રાત્રે સાવરકુંડલા રેન્જમાં આવેલા બોરાળા ફાટક વિસ્તારમાં ટ્રેક ઉપર સિંહ બાળ ટ્રેનની અડફેટે આવતા મોત થયું હતું. બનાવની જાણ વન વિભાગને થતા વન વિભાગ ઘટના સ્થળે પહોંચ્યું હતું અને કાર્યવાહી કરવામાં આવી હતી.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

### આપણા દેશમાં અભ્યાસક્રમોના માધ્યમથી આ પ્રાચીન ઈતિહાસને ન ભણાવવો ભારતના વાસ્તવિક ઈતિહાસથી મોં ફેરવવા જેવું છે

જ્ઞાનવાપી મસ્જિદનો મામલો ફરી એક વખત ચર્ચામાં અને અદાલતોમાં છે. ગયા વર્ષે જ્ઞાનવાપી મસ્જિદના સર્વેક્ષણ ઉપરાંત તેના પરિસરમાં જોવા મળેલ વિશાળ પ્રાચીન શિવલિંગ અને સનાતન ધર્મનાં અન્ય પ્રતીક ચિહ્નોએ વિવાદને વધારી દીધો હતો. મુસ્લિમ પક્ષ એ શિવલિંગને ફુવારો ગણાવી રહ્યો હતો તો હિંદુ પક્ષ તેને પોતાનું એ પ્રાચીન શિવલિંગ, જેને મુગલ આક્રમણખોર ઔરંગઝેબ દ્વારા મંદિર ધ્વસ્ત કરીને ત્યાં મસ્જિદ બનાવ્યા બાદ પરિસરમાં જ વજૂ ખાના રૂપે પરિવર્તિત કરી દેવામાં આવ્યું હતું. શિવલિંગવાળા એ સ્થાનને તળાવ જેવું બનાવીને તેમાં મુસલમાનો નમાજ પઢતાં પહેલાં વજૂ કરતા હતા. મંદિર ધ્વંસ અને મસ્જિદ નિર્માણ બાદથી જ તેની બહાર વિશાળ નંદીનું મોં મસ્જિદ પરિસરમાં સ્થિત એ વજૂખાનાની સીધમાં આવી ગયું. નંદી શિવની હાજરીનું શાશ્વત પ્રતીક છે. જ્યાં નંદી હશે, ત્યાં શિવલિંગ અવશ્ય હોય જ. આ સનાતન સત્ય છે. બધા લોકોનું ધ્યાન મંદિર અથવા મસ્જિદની ઐતિહાસિક પ્રાચીનતા તરફ ગયું. આ નંદીની સ્થાપના ક્યારે થઈ? કેટલું જૂનો ઈતિહાસ છે વિશ્વનાથ મંદિરનો? મસ્જિદ ક્યારે બની? આ બધા પ્રશ્નો સ્વાભાવિક હતા. મસ્જિદનો ઈતિહાસ તો હતો, પરંતુ મંદિરનો પ્રાચીન ઈતિહાસ શોધવામાં ઘણી પરેશાનીઓનો સામનો કરવો પડ્યો.

આખા ભારતમાં આવેલાં અનેક પ્રાચીનતમ મંદિરોનો પોતાનો એક ઈતિહાસ રહ્યો છે. આપણા દેશમાં અભ્યાસક્રમોના માધ્યમથી આ પ્રાચીન ઈતિહાસને ન ભણાવવો ભારતના વાસ્તવિક ઈતિહાસથી મોં ફેરવવા જેવું છે. આ ઉદાસીનતા જ મુગલોના આક્રમણો બાદ સ્વતંત્ર ભારતમાં વિવાદોનું કારણ બની. કોઈપણ ભૂખંડનો ઈતિહાસ તેની રાજકીય ભૂલો કે મૂર્ખતાઓથી નિર્મિત નથી થતો, બલ્કે તેની સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિથી નક્કી થાય છે. વિશ્વનાથ મંદિરનો ઈતિહાસ કેટલો જૂનો છે? હવે તેના નામમાં જ આદિ વિશ્વેશ્વર લાગેલું છે, તેની પ્રાચીનતા આજના આપણે લોકો કેવી રીતે જણાવી શકીએ? જ્ઞાત ઈતિહાસના આદિ સુધી જવાનું થયું તો આદિ શંકરાચાર્ય યાદ આવ્યા. શંકરાચાર્યનો જન્મ ઈસા પૂર્વ ૫૦૭માં કેરળમાં થયો હતો. એ સમયે યુધિષ્ઠિર સંવત પ્રચલનમાં હતું અને તે યુધિષ્ઠિર સંવત ૨૬૧૩ની વૈશાખ શુકલ પંચમીની તિથિ હતી. અહીં ડાબેરી ઈતિહાસકારોનું એ જૂઠ્ઠું લેખન આપોઆપ રદબાતલ થઈ જાય છે, જેમનો ઈતિહાસબોધ ઈસા પૂર્વ જવાથી ખચકાતો રહ્યો છે અને જેમણે આદિ શંકરાચાર્યના જન્મકાળનું ખોટી રીતે નિર્ધારણ કર્યું.

આદિ શંકરાચાર્ય બહુ નાની ઉંમરે ગુરુ પાસેથી દીક્ષા લઈને કાશી આવી ગયા હતા. કાશીમાં તેમણે ગંગા સ્નાન બાદ પોતાના કમંડળમાં ભરેલા ગંગાજળથી ભગવાન વિશ્વેશ્વરનો અભિષેક કર્યો. આ યુધિષ્ઠિર સંવત ૨૬૪૩ ચૈત્ર સુદ તેરસની તિથિ હતી. આદિ શંકરાચાર્યની ઉંમર એ સમય સુધી ૧૨ વર્ષ થઈ ચૂકી હતી. કાશીમાં રહેતાં આદિ શંકરાચાર્યને ભગવાન વિશ્વનાથે ચાંડાલ રૂપે દર્શન આપ્યાં હતાં અને તત્ત્વનો બોધ કરાવ્યો. આદિ શંકરાચાર્ય સંબંધિત પ્રાચીન ગ્રંથોમાં પણ ઉલ્લેખ મળે છે કે ભગવાન શિવને સાક્ષાત સન્મુખ જોઈને અકસ્માતે જ તેમના મોંએથી તેમની ભાવપૂર્ણ સ્તુતિમાં જે મંત્રો સરી પડ્યા, તે આજે પણ 'મનીષા પંચક' નામે લોકપ્રિય છે. 'કાશી પ્રાંત વિહારિણી વિજયતે ગંગા મનોહારિણી' જેવા સંદર પદોવાળા ગંગાષ્ટકમ્ની રચના પણ દશાશ્વમેધ ઘાટ પર રહીને આદિ શંકરાચાર્યએ કરી હતી. અહીં આદિ શંકરાચાર્યના આ ઉદાહરણથી માત્ર એ વાત તરફ સંકેત માત્ર કરવાનો છે કે જ્યારે ધરતી પર ઈસ્લામનો જન્મ પણ નહોતો થયો, ત્યારથી બહુ પહેલાંનો ઈતિહાસ છે કાશી વિશ્વનાથનો. સ્કંદ પુરાણના કાશીખંડના ૩૪મા અધ્યાયમાં વિશ્વેશ્વર અને જ્ઞાનવાપીનું વર્ણન મળે છે.

કાશી અને દેશના અન્ય હિસ્સાની જેમ કાશ્મીર પણ સનાતન ધર્મ અને શૈવ દર્શનનું મોટું કેન્દ્ર રહ્યું છે. ત્યાંના અનેક પ્રાચીન મંદિર પોતાની અલૌકિકતાની કહાની ધરાવે છે. અધ્યાત્મનાં શિખર ક્ષેત્ર છે અહીંનાં મંદિર. અહીં મા શારદાનું મંદિર છે. માન્યતા છે કે તેની સ્થાપના ખુદ બ્રહ્માજીએ કરી હતી. આ જ શારદા મંદિરમાં આદિ શંકરાચાર્યએ મા વાગ્દેવીનાં દર્શન કર્યાં. અહીં 'નમસ્તે શારદા દેવી કશ્મીરપુર વાસિની'ના પડઘા ઘાટીઓ અને ચોટીઓ પર આજે પણ ઊર્જા પૂરે છે. રામેશ્વરમ્, કન્યાકુમારી, પદ્મનાભ વગેરે દક્ષિણ ભારતના અનેક મંદિરો સહિત દેશના કેટલાય અન્ય મંદિરોનો પણ પોતાનો પ્રાચીન ઈતિહાસ છે. આ ઈતિહાસને સાચવવા અને જાણવાની જરૂર છે.

મંદિરોના ધ્વંસાવશેષો પર બનેલ જ્ઞાનવાપી જેવી મસ્જિદોનો ઈતિહાસ કોઈથી છૂપો નથી, પરંતુ તેને જાણીજોઈને છૂપાવવાની ચેષ્ટા કરાઈ રહી છે અને સત્યથી મોં ફેરવવામાં આવે છે. વાસ્તવમાં આ અંતર્ગત એવી કોશિશ કરાઈ રહી છે કે કાશી વિશ્વનાથ મંદિર સાથે જોડાયેલી જ્ઞાનવાપી મસ્જિદનું ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ એટલે કે એએસઆઈ દ્વારા સર્વે ન કરી શકાય. જ્ઞાનવાપી સંસ્કૃતનો શબ્દ છે. વિશ્વનાથ પરિસરમાં જ્ઞાનવાપી નામની મસ્જિદ નંદીની બાજુમાં આવેલી છે. વિશ્વ ઈતિહાસમાં ક્યાંય મસ્જિદનું નામકરણ સંસ્કૃત શબ્દ સાથે નથી મળતું. તો પછી નંદી અને કાશી વિશ્વનાથના ઈતિહાસને લઈને વિવાદ કેવો? કાશીમાં વિશ્વનાથજી જ્યોતિર્લિંગ છે, જે અનાદિ છે. તેનું પ્રાગટ્ય ક્યારે થયું તે કોઈ ન કહી શકે. ઈતિહાસ લેખનથી બહુ પહેલાંની ઘટના છે. તેને મંદિરનું રૂપ આપીને સનાતન ધર્મી સદીઓથી ત્યાં ભગવાન વિશ્વનાથની પૂજા-અર્ચના કરતા રહ્યા છે. હિંદુઓની આસ્થાનું પ્રાચીનતમ કેન્દ્ર રહ્યું છે કાશી વિશ્વનાથ. જેટલું જરૂરી એ છે કે જ્ઞાનવાપીનું સત્ય સામે આવે, એટલું જ જરૂરી એ પણ છે કે તમામ પ્રાચીન મંદિરોના ઈતિહાસને સંરિક્ષત કરવામાં આવે અને જરૂર પડ્યે તેનું પુનર્લેખન પણ કરવામાં આવે.

# શું ગુજરાત લવમેરેજ પર બનશે નવો કાયદો? માતા પિતાની સહીને લઈને હવે કોંગ્રેસ પણ મેદાને

**લવ મેરેજમાં માતા-પિતાની ફરજિયાત મંજૂરીના મુદ્દે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સકારાત્મક નિવેદન બાદ કોંગ્રેસ પાર્ટીએ સમર્થન જાહેર કર્યું છે. કોંગ્રેસ પાર્ટીએ કહ્યું છે કે જો સરકાર આ મુદ્દે વિધાનસભામાં બિલ લાવે છે તો પાર્ટી તેનું સમર્થન કરશે**

ગાંધીનગર તા.૨

લવ મેરેજ મુદ્દે નવો કાયદો બનાવવાની માંગ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હકારાત્મક વલણ બાદ કોંગ્રેસ પણ સમર્થનમાં આવી છે. અમદાવાદના જમાલપુર ખાડિયાના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કહ્યું છે કે જો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની હેઠળની સરકાર લવ મેરેજ માટે સંમતિની શરત ઉમેરવા માટે વિધાનસભામાં બિલ લાવે તો તેઓ તેને સમર્થન આપશે. ૩૦ જુલાઈના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણામાં પાટીદાર સમાજના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે લવ મેરેજમાં આ શરતનો સમાવેશ કરવાની માંગને કાયદામાં ધ્યાનમાં લેવામાં આવશે. સીએમએ કહ્યું હતું કે અભ્યાસ કરવામાં આવશે અને શ્રેષ્ઠ પરિણામ લાવવામાં આવશે. હવે કોંગ્રેસના ધારાસભ્યએ મુખ્યમંત્રીના નિવેદનને આવકાર્યું છે અને કહ્યું છે કે મુખ્યમંત્રીનું નિવેદન સારું છે. આ શરત લવ મેરેજમાં સામેલ કરવામાં આવે તો સારું રહેશે.

એક દિવસ પહેલાં જ મહેસાણામાં સરદાર પટેલ ગ્રુપ (SPG)ના નેજા હેઠળ આયોજિત સ્નેહ મિલનના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેજ પરથી કહ્યું હતું કે હું અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આવી રહ્યાં હતા ત્યારે અમારી સામે માંગ કરવામાં આવી હતી કે યુવતીઓને ભગાડી લઈ જનારા સામે કંઈ કરવું પડશે. પ્રેમ લગ્નમાં માતા-પિતાની પણ સંમતિ હોવી જોઈએ. આવું કંઈક હોવું જોઈએ. આ કાયદામાં ધ્યાનમાં લેવામાં આવશે, અભ્યાસ કરવામાં આવશે અને શ્રેષ્ઠ પરિણામ લાવશે. ગુજરાતમાં પાટીદાર સમાજની માંગ છે કે લવ મેરેજની નોંધણીમાં આ શરત ફરજીયાત કરવામાં આવે, જેથી દીકરીઓનું ભવિષ્ય સુરક્ષિત થઈ શકે અને લવ મેરેજની સાથે લવ જેહાદના કિસ્સાઓ પણ ઘટી શકે. ગત વર્ષે પાટીદાર સમાજે આ માંગ સૌપ્રથમ ઉઠાવી હતી. જેમાં તેમના હસ્તાક્ષરિત પ્રેમ લગ્નમાં માતા-પિતાની સંમતિ જરૂરી બનાવવાની માંગ કરવામાં આવી હતી. માતા-પિતાની ગેરહાજરીમાં બ્લડ રિલેશનમાં આવતા સ્વજનોની સહી જરૂરી બનાવવા માંગ કરાઈ હતી. એટલું જ નહીં લવ મેરેજની ઉંમર ૧૮થી વધારીને ૨૧ વર્ષ કરવાની માંગ કરવામાં આવી હતી.

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવેદનને સમર્થન આપ્યું છે. ખેડાવાલાનું કહેવું છે કે જો સરકાર લવ મેરેજ કાયદામાં સુધારો કરીને બિલ લાવશે તો તેઓ સરકારને સમર્થન આપશે. ઈમરાન ખેડાવાલાએ ટ્વીટ કરીને સીએમના નિવેદનનું સમર્થન કર્યું છે. એવું માનવામાં આવે છે કે જો લવ મેરેજમાં માતા-પિતાની પરવાનગી ફરજિયાત બની જશે તો ઘણા સામાજિક સુધારા થશે અને લવ જેહાદના કિસ્સાઓ પણ ઘટી શકે છે. ઈમરાન ખેડાવાલા પહેલાં કોંગ્રેસના એકમાત્ર ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે પણ આ માંગણી ઉઠાવી છે, જોકે આ મુદ્દે સરકાર તરફથી પહેલીવાર કોઈ જાહેર પ્રતિક્રિયા આવી છે. ખુદ રાજયના મુખ્યમંત્રીએ આ મામલાની વિચારણા કરવાનું કહ્યું છે. આવી સ્થિતિમાં ગુજરાત દેશનું પ્રથમ રાજય બનશે કે કેમ? જ્યાં પ્રેમ લગ્નના કેસની નોંધણીમાં માતા-પિતાની સહી જરૂરી રહેશે.

ગુજરાતમાં કોંગ્રેસના એકમાત્ર મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકરે પણ આ મુદ્દે અવાજ ઉઠાવ્યો છે. ગેનીબેને સરકાર પાસે માંગણી કરી હતી કે પ્રેમ લગ્નના વધતા જતા ગુના અને ધર્મ પરિવર્તનના કિસ્સાઓ રોકવા માટે સરકારે પ્રેમ લગ્નમાં માતા-પિતાની સહી ફરજીયાત કરવી જોઈએ. જ્યાં સુધી આવું ન થાય ત્યાં સુધી લગ્નને માન્ય ન ગણવું જોઈએ. આ મુદ્દે અન્ય કેટલાક નેતાઓ ગનીબેનના સમર્થનમાં આવ્યા હતા. ઉત્તર ગુજરાતમાં તાજેતરના વર્ષોમાં પ્રેમ લગ્નના કિસ્સાઓ ખૂબ વધી ગયા છે. સરદાર પટેલ ગ્રુપના નેજા હેઠળ યોજાયેલા આ વિશાળ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ હતી. આ કાર્યક્રમમાં રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, હાલના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી રજની પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજસ્થાન અને મધ્ય.પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસની તૈયારી જોરમા

# ગુજરાતના નેતાઓને રાજસ્થાન-મધ્ય પ્રદેશની ચૂંટણી માટે જવાબદારી સોંપાઈ

અમદાવાદ, તા.૧

રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. કર્ણાટકની જીત બાદ હવે કોંગ્રેસ પણ એડીચોટીનું જોર લગાવી રહી છે. ત્યારે મધ્ય પ્રદેશ વિધાનસભાની ચૂંટણી અને રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી માટે હવે કોંગ્રેસને ગુજરાતના નેતાઓને કામે લગાવ્યા છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓને બંને રાજ્યોની ચૂંટણી માટે મોટી જવાબદારી સોંપાઈ છે. ગુજરાત કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓને રાજસ્થાન અને મધ્ય પ્રદેશ વિધાનસભા ચૂંટણી ૨૦૨૩ ને લઈ મહત્વની જવાબદારી સોંપાઈ છે. ત્યારે ગુજરાત કોંગ્રેસના નેતાઓને રાજસ્થાન ને મધ્ય પ્રદેશ માટે જવાબદારી સોંપવામાં આવી છે. રાજસ્થાનમાં ગુજરાતના આ નેતાઓને જવાબદારી સોંપાઈ

અમિત ચાવડા - અજમેર
હિંમતસિહ પટેલ - અલવર
અનંત પટેલ - બાંસવાડા
બળદેવજી ઠાકોર - બાડમેર
શૈલેષ પરમાર - બિકાનેર
પ્રતાપ દુધાત - ચિત્તોડ ગઢ
કિશન પટેલ - દૌસા
નૌશાદ સોલંકી - ગંગાનગર
રઘુ દેસાઈ - જાલોર
જેની ઠુમ્મર - ઝાલાવર બરન
અમરતજી ઠાકોર - ઝુનઝુનુ
સી જે ચાવડા - જોધપુર
ઈન્દ્રવિજયસિંહ ગોહિલ - કોટા
અમરીશ ડેર - પાલી
કાન્તી ખરાડી - ઉદયપુર

રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓને જવાબદારી મળી છે. ભાજપ બાદ કોંગ્રેસે પણ રાજસ્થાનમાં ગુજરાતી નેતાઓને જવાબદારી સોંપી છે. લોકસભા અંતર્ગત આવતી વિધાનસભા બેઠકોની જવાબદારી સોંપવામાં આવી છે.

મધ્યપ્રદેશમાં ગુજરાતના કયા નેતાઓને જવાબદારી સોંપાઈ

- કિરીટ પટેલ
- તુષાર ચૌધરી
- દિનેશ ઠાકોર
- બિમલ શાહ
- પરેશ ધાનાણી
- વિરજીભાઈ ઠુમ્મર
- પુંજાભાઈ વંશ
- આનંદ ચૌધરી
- નારણ રાઠવા
- અલકા ક્ષત્રિય
- ગુલાબસિંહ રાજપૂત
- પ્રભાબેન તાવિયાડ
- લલિત કગથરા
- પુના ગામીત
- રાજેન્દ્રસિંહ પરમાર

આમ, બંને રાજ્યોની ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું છે. ગુજરાતના નેતાઓ માટે આ જવાબદારી બહુ જ મોટી બની રહેશે. શક્તિસિંહ ગોહિલ કોંગ્રેસના પ્રમુખ બનતા જ ગુજરાત કોંગ્રેસ ફરી એક્ટિવ થઈ છે. ગુજરાત કોંગ્રેસ લોકસભા ચૂંટણી પહેલા ફરી બેઠી થાય તેવા સંકેતો દેખાઈ રહ્યાં છે.

વિધાનસભા ચૂંટણીમાં ભુંડા હાલ બાદ હવે ગુજરાત કોંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં નસીબ અજમાવવા મેદાને આવ્યું છે. ગુજરાત કોંગ્રેસને હવે નવા સુકાની મળ્યા છે. શક્તિસિંહ ગોહિલને સત્તા પર આવ્યે હજી બે જ મહિના થયા છે, ત્યારે તેઓએ સપાટો બોલાવ્યો છે. રાજ્યના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકાના પ્રમુખની એક બેઠક કોંગ્રેસ કાર્યાલયમાં મળી હતી. આ બેઠકમાં શક્તિસિંહ આકરા પાણીએ આવ્યા હતા. તેઓએ કોંગ્રેસના જિલ્લા, મહાનગરોના પ્રમુખોને આકરા શબ્દોમાં ચેતવણી આપી છે. બેઠકમાં શક્તિસિંહ ગોહિલે સ્પષ્ટ સંભળાવ્યું કે, બદલાવ માટે તૈયાર રહો. કામ કરો નહિ, તો હોદ્દો છોડો. કામ નહિ કરો તો હોદ્દો છોડવાની તૈયાર રાખો. શક્તિસિંહે કહ્યું કે, નેતાઓની ચિઠ્ઠીના આધારે પદની લહાણી બંધ થશે.

અધિક માસનું કથામૃત
- કનકચંદ્ર સી. વ્યાસ



## સાચી ભક્તિની શક્તિ

ભગવાન શ્રી કૃષ્ણના પરમ ભક્ત નારદજી એકવાર પૃથ્વી લોકમાં ફરી રહ્યાં હતા તે દરમ્યાન એક પતિ-પત્ની"તેમને મળ્યા. નારદજીને જોઈ અને તે પતિ-પત્ની નારદજીના ચરણોમાં પડી ગયા અને તેમને વિનંતી કરી કે, "અમારે ત્યાં"કંઈ સંતાન નથી, જો તમે કંઈ ઉપાય જાણતા હોવ તો અમે તેમ કરવા તૈયાર થશું.""મહર્ષિ નારદજી તેમની વિનંતી સાંભળી અને પહેલા ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા પરંતુ પછી તેમણે તે પતિપત્નીને આશ્વાસન આપતા કહ્યું કે, "મારી નજરમાં તો આવો કોઈ ઉપાય નથી, જે તમને કામ આવી શકે. પરંતુ હું"ભગવાન શ્રી કૃષ્ણને તમારા દુઃખનું કારણ જણાવીશ માટે તમે ધીરજ રાખો. બધું જ સારૂં થશે." આમ, કહી અને મહર્ષિ"નારદજી તો ગૌલોકમાં ભગવાન શ્રી કૃષ્ણ પાસે પહોંચી ગયા અને ભગવાન શ્રી કૃષ્ણને પગે લાગી અને કહ્યું, "પ્રભુ આપ"તો અંતર્યામી છો, આપ બધું જ જાણો છો. હું પૃથ્વી લોકમાં એક દંપતિને મળ્યો હતો. તેને ત્યાં કોઈ સંતાન નથી તો એવું કયું"વ્રત કે તપ છે કે જે દંપતિ કરે તો તેને ત્યાં બાળક થાય.""ભગવાન શ્રી કૃષ્ણ હસ્યા અને હસતાં હસતાં મહર્ષિ નારદજીને પ્રત્યુત્તર આપ્યો, "હે નારદ, તું જેના માટે ચિંતિત"થાય છે તેનો ઉપાય પૂછે છે ? તને ખરું કહું તો તે દંપતિને ત્યાં અત્યાર સુધી બાળક થાય તેમ નથી અને તેના કર્મો એવા છે"કે જો હું પોતે ઈચ્છું તો પણ તેને સંતાન આપી શકું તેમ નથી.""ભગવાન શ્રી કૃષ્ણ પાસેથી પ્રત્યુત્તર સાંભળી અને મહર્ષિ નારદજી તો તરત જ ઉપડ્યા. તે દંપતિ પાસે ગયા"એટલે એ દંપતિ ફરી નારદજીના પગે પડ્યા. ત્યારે નારદજીએ તે પતિ-પત્નીને સમજાવી અને કહ્યું કે, "આપને સંતાન"પ્રાપ્તિ માટે ભગવાનની લીલાને વખાણો અને તમારા કર્મના ફળ સ્વરૂપે તમને જે દુઃખ પ્રાપ્ત થયું છે તે ભોગવી લો અને"પ્રભુનું સ્મરણ કરતા રહો.""મહર્ષિ નારદજીની વાણી સાંભળી અને પતિ-પત્નીને ખૂબ જ દુઃખ થયું પરંતુ થાય શું ? કર્મના દોષ તો ભોગવવે"જ છૂટકો. એમ, મનમનાવી અને એ પતિ-પત્ની તો ફરી સાંસારીક લીલામાં મગ્ન થઈ ગયા."એક વાર એક મહાત્માજી ફરતાં ફરતાં આ ગામમાં આવ્યા ત્યારે અધિકમાસ ચાલી રહ્યું હતું. તેમને ખૂબ જ ભૂખ"લાગી હતી. એટલે બે-ચાર ઘરે ભીક્ષા માંગી પરંતુ કોઈએ ભીક્ષા આપી નહીં. આખરે એ મહાત્માજી ફરતા ફરતા આ"પતિ-પત્નીના ઘર પાસે આવ્યા. પતિ-પત્ની જમવા બેસવાની તૈયારી જ કરી રહ્યાં હતા. ત્યાં આ મહાત્માજીએ ભીક્ષા માટે"માંગણી કરી. તેમનો અવાજ સાંભળી પતિ-પત્નીએ તેમને આવકાર આપ્યો અને ભીક્ષામાં ખાવાનું આપ્યું. ત્રણ બાજરાના"રોટલા પણ હતા. મહાત્માજી ખૂબ જ રાજી થયા અને કહ્યું, "આ પવિત્ર અધિકમાસમાં તેં મને મારું પેટ ભરાઈ જાય તેટલું"ખાવાનું આપ્યું છે અને તેમાં પણ ત્રણ બાજરાના રોટલા આપ્યા. જા તારે ત્યાં ત્રણ સુંદર મજાના બાળકોનો જન્મ થશે.""આ સાંભળી અને તે પતિ-પત્ની તો ખૂબ જ ખુશ થઈ ગયા અને તેમણે મહાત્માજીને દંડવત્ત પ્રણામ કર્યા. સમય"વિતતા તેને ત્યાં ત્રણ ઉત્તામ બાળકોનો જન્મ થયો. બાળકો ધીરે ધીરે મોટા થવા લાગ્યા."એક વખત નારદજી ફરી એક વાર એજ ગામમાં પધાર્યા અને તેમને થયું કે, "લાવને પેલા દંપતિને મળતો જોઉ.""પછી દંપતિને ઘેર મહર્ષિ નારદજી પહોંચ્યા ત્યાં તો તેમના આંગળામાં સુંદર એવા ત્રણ બાળકોને રમતા જોયા. નારદજીએ"તેમના ઘરનું બારણું ખખડાવ્યું. અવાજ સાંભળી અને પતિ-પત્ની ઘરની બહાર આવ્યા. મહર્ષિ નારદજીને આંગળે આવેલા"જોઈ તેમના પગ ધોઈ આચમન માટે પાણી આપી અને યોગ્ય સત્કાર કર્યો. પછી ત્રણે બાળકો પણ નારદજીને પગે લગાવા"પાસે આવ્યા અને નારદજીને દંડવત્ત પ્રણામ કરતાં તે બાળકો ઊભા રહ્યાં. નારદજી પૂછે છે કે, "આ સુંદર મજાના બાળકો"કોના છે ? ત્યારે પતિ-પત્ની કહે છે એ ત્રણે બાળકો અમારા છે અને પછી એ બાળકોની પ્રાપ્તિ કઈ રીતે થઈ તેનો સમગ્ર"વૃતાંત મહર્ષિ નારદજીને કહી સંભળાવ્યો.""મહર્ષિ નારદજી ત્યાંથી નિકળી અને સીધ્ધા ઉપડ્યા ગૌલોકમાં ભગવાન શ્રી કૃષ્ણ પાસે જઈ તેમને પ્રણામ કરી"અને તે દંપતિને થયેલા બાળકો બાબતે પ્રશ્ન કરવા લાગ્યા કે, "આપે જે કહેલું કે સાત ભવ સુધી તો હું પણ તેને બાળકો"આપી શકું તેમ નથી. તો પછી આ બધું કેમ થયું ?""ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે, એ બધી વાતો અત્યારે તું રહેવા દે અને હું કહું છું એ તું સાંભળ, "હે નારદ, મારા"શરીરમાં એક વિચિત્ર પ્રકારનો રોગ થયો છે. હવે એ રોગને કારણે મને અસહ્ય પીડા થાય છે. હવે મારી એ પીડા દૂર થાય એ માટે જે કોઈ મારો પરમ ભક્ત હોય તે જો પોતાનું માથું કાપી અને તેમનું લોહી મને આપે તે લોહી હું મારા આખા શરીરે"ચોપડું તો મારો આ રોગ જાય તેમ છે. માટે એવો કોઈ પરમ ભક્ત હોય તો તે તું શોધી લાવ. તેમાં વિલંબ ન કરજે કારણ"કે મારાથી આ અંગ પીડા જરાય સહન જ થતી નથી.""નારદજીએ તો આ વાત સાંભળી અને તેઓ ખૂબ જ ચિંતમાં પડી ગયા અને માથું કાપી અને પોતાનો અંગ અર્પણ"કરી દે તેવા પરમ ભક્તની શોધમાં લાગી ગયા. તેમણે એક પછી એક એમ તેમની નજરમાં જે જે ભક્તો હતા તે તે બધાય"ભક્તોને પૂછ્યું. પરંતુ કોઈ માથું કાપવા તૈયાર જ ન થયું. આ પ્રમાણે શોધ કરતાં કરતાં નારદજી તો પહેલા મસ્તરામ"મહાત્માજી પાસે પહોંચી ગયા. જેમણે સંતાન વિહોણા દંપતિને ત્રણ બાળક થાય એવા આશિર્વાદ આપ્યા હતા. તે મહાત્માજી"પાસે જઈ અને ભગવાન શ્રી કૃષ્ણના રોગ અંગેની સઘડી હકિકત કહી સંભળાવી."મહાત્માજીએ નારદજીને કહ્યું, "એમ, ભગવાનને તકલીફ છે ?ચાલો, હું તમારી સાથે ચાલું છું. હું મારું માથું"આપવા તૈયાર છું. જો ભગવાન શ્રી કૃષ્ણનો રોગ દૂર થતો હોય તો સત્વરે ચાલો. આપણે તેમની પાસે જઈએ." નારદજી"તેમને ગૌલોકમાં ભગવાન શ્રી કૃષ્ણ પાસે લઈ ગયા. ભગવાન શ્રી કૃષ્ણને તે મહાત્માજી કહેવા લાગ્યા, "ચાલો હું તમને"મારું માથું કાપી અને મારું લોહી આપવા તૈયાર છું.""ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ હસતાં હસતાં મહર્ષિ નારદજીને કહ્યું, "જોયું, મારા કેટલાય ભક્તો છે તેમાં તમારો"પણ સમાવેશ થાય છે. પરંતુ માથું કાપીને આપવા તૈયાર થનારો ભક્ત એક જ નિકળ્યો. હવે, આવો મારો પરમ ભક્ત"હોય તો તે કોઈના કર્મના ફળ પણ બદલાવી દેવાની તેનામાં શક્તિ હોય. તેમાં કંઈ નવું નથી. આ તો સાચી ભક્તિની"શક્તિ છે." આ સાંભળી અને મહર્ષિ નારદજીનું શરમથી માથું ઝુકી ગયું.

"આજનું ભજન"

આંગણે રમે મારે આંગણે રમે,
"નાનકડો નંદલાલ આંગણે રમે.
"વાંકડીયા વાળ એના મુખડું મનોહર,
"બંસીના સુર ગાઈ ગાયો ચારે... નાનકડો નંદલાલ...
"નાના ગોવાળીયાને ગોઠીયા કરીને,
"વાછરૂના પૂંછ જાલી ભમતો ફરે, નાનકડો નંદલાલ...
"ખંભે લઈ લાકડીને ખેલે છે નટવર,
"કુદડી ફરેને મારો નાથજી નમે નાનકડો નંદલાલ...
"એને મેળવવાને મોટા મુનિવર,
"વર્ષોના વર્ષો સુધી દેહને દમે નાનકડો નંદલાલ...
"ગોવિંદના નાથ હાથ આવે નહીં કોઈને,
"એ તો આવીને મારી આંખમાં રમે, નાનકડો નંદલાલ...
"આંગણે રમે મારે આંગણે રમે,
"મારો નાનકડો નંદલાલ આંગણે રમે નાનકડો નંદલાલ..

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ત્રુટીઓના સંશોધનનું નામ જ ઉન્નતિ છે.

- લાલા લજપતરાય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ વદ-૧ પંચક (રાત્રે ૧૧:૨૭ ક.થી શરૂ) તા.૨ ઓગષ્ટ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૧૪, શ્રવણ નક્ષત્ર, આયુષ્માન યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૨, સૂ.અ.૭:૩૨

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), રાત્રે ૧૧:૨૭ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગેરસમજના ભોગ બનો. પત્નિના સ્નેહથી વિશેષ હર્ષ રહે.
વૃષભ: સંતાનોથી સહકાર મળે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે.
મિથુન: મિલન-મુલાકાત સફળ રહે. વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે.
કર્ક: દિવસ આનંદભર્યો પસાર થાય. મહત્વના નિર્ણયો લઈ શકશો.
સિંહ: કાનુની બાબતે લાભ મળે. આવકમાં નોંધપાત્ર વધારો થાય.
કન્યા: વ્યર્થ ચિંતા રહ્યા કરે. નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે.
તુલા: કાર્યમાં વિલંબ રહે. વ્યર્થ વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ.
વૃશ્ચિક: આર્થિક તેમજ કૌટુંબિક સ્થિતિ અત્યંત સારી રહે.
ધન: અણધાર્યા ખર્ચના ભોગ બનવું પડે. કાનુની બાબતે નિષ્ફળતા મળે.
મકર: નવા આયોજનો ન કરવા હિતાવહ. મહત્વના કાર્યો સંભાળીને કરવા.
કુંભ: માનસિક અશાંતિ રહે. ભાગીદારી અને દાંપત્યજીવનમાં સંઘર્ષ થાય.
મીન: સ્નેહિઓથી અસંતોષ મળે. આર્થિક વ્યવહારોની બાબતે સાવધાન રહેવું.

# ગુજરાતમાં ઉત્પાદિત આઈ ડ્રોપ્સને લીધે દર્દીઓને ઈન્ફેક્શન થતાં અને દૃષ્ટિ ગુમાવ્યા બાદ શ્રીલંકાએ આ ટીપાં ખરીદવાનું બંધ કર્યુ




(એજન્સી) તા.૨ શ્રીલંકાની સરકારે ગુજરાતમાં બનેલા આઈ ડ્રોપ્સ (આંખના ટીપાં)નો ઉપયોગ કરનાર ઓછામાં ઓછા ૫૦ દર્દીઓમાં ચેપ ફેલાયાના ત્રણ મહિના પછી તેના ઉપર પ્રતિબંધ મૂકી દીધો છે. હજુ સુધી ભારતીય દવા નિયમનકારો તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી. પરંતુ શ્રીલંકાના આરોગ્ય અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે તેઓએ આ ડ્રોપ્સના નિર્માતા, ઈન્ડિયાના ઓપ્થાલમિક્સ પાસેથી આંખના ડ્રોપ મેળવવાનું બંધ કરી દીધું છે. શ્રીલંકાએ માર્ચમાં મુંબઈ સ્થિત સપ્લાયર પાસેથી મિથાઈલપ્રેડનિસોલોન આઈ ડ્રોપ્સ ખરીદ્યા હતા. શ્રીલંકાના આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે કોલંબો, ગમ્પાહા અને નુવારાઈલિયાની ત્રણ હોસ્પિટલોમાં મોતિયાના દર્દીઓ, જેમને આંખના ડ્રોપ નાખવામાં આવ્યા હતા તેઓને એપ્રિલમાં ગંભીર ચેપ લાગ્યો હતો. ઓછામાં ઓછા બે લોકોએ તેમની દ્રષ્ટિ પણ ગુમાવી દીધી છે. પ્રિડનીસોલોન આંખના ટીપાં એ એક સ્ટેરોઈડ્સ છે જે આંખમાં બળતરા, લાલાશ, ખંજવાળ ઘટાડે છે અને મોટેભાગે મોતિયાની સર્જરી પછી ઉપયોગમાં લેવાય છે. શ્રીલંકાની સરકારે સૌપ્રથમ મે મહિનામાં ચેતવણી આપી હતી અને ગુજરાત સ્થિત ઉત્પાદક, મુંબઈ સ્થિત સપ્લાયર અલવિતા ફાર્મા અને ભારતીય દવા નિયમનકારને તેના વિશે પત્ર લખ્યો હતો. શ્રીલંકાની નેશનલ મેડિસિન રેગ્યુલેટરી ઓથોરિટી અથવા NMRAના ચેરમેન પ્રોફેસર એસ.ડી. જયરત્નેએ જણાવ્યું હતું કે, અમારી રેગ્યુલેટરી ઓથોરિટીને અત્યાર સુધી ઉત્પાદક અથવા ભારતીય સત્તાવાળાઓ તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી. તે ભારતમાં દવાઓ, ક્લિનિકલ ટ્રાયલ અને તબીબી ઉપકરણોને નિયંત્રિત કરે છે. અલવિતા ફાર્માને મોકલેલા પત્રમાં શ્રીલંકાના સત્તાવાળાઓએ સપ્લાયરને આંખના ડ્રોપને પાછા મંગાવી લેવા જણાવ્યું હતું. જયરત્નેએ જણાવ્યું હતું કે NMRAએ વિશ્વ આરોગ્ય સંસ્થાને લેબોરેટરી રિપોર્ટ્સ વિશે જાણ કરી છે જેમાં આંખના ટીપાંમાં બેક્ટેરિયલ દૂષણ હોવાનું બહાર આવ્યું છે. ઈન્ડિયાના ઓપ્થાલ્મિક ૩૦થી વધુ દેશોમાં નિકાસ કરે છે. શ્રીલંકાની ચેતવણી છતાં તે આંખના ટીપાં બનાવવાનું ચાલુ રાખ્યું છે. છેલ્લા છ મહિનામાં, આ ત્રીજી ઘટના છે જ્યારે ભારતીય ગુજરાતમાં ઉત્પાદિત આઈ ડ્રોપ્સને લીધે દર્દીઓને ઈન્ફેકશન થતાં અને દૃષ્ટિ ગુમાવ્યા બાદ શ્રીલંકાએ આ ટીપાં ખરીદવાનું બંધ કર્યુ કંપનીઓ દ્વારા બનાવવામાં આવેલી ઓપ્થેલ્મિક પ્રોડક્ટ્સ નબળી ગુણવત્તા સામે આવી છે. જાન્યુઆરીમાં, યુનાઈટેડ સ્ટેટ્સે ગ્લોબલ ફાર્મા સામે આયાત ચેતવણીની જાહેરાત કરી હતી, દૂષિત આંખના ટીપાંથી ૬૮ દર્દીઓમાં ચેપ થયો અને ચાર મૃત્યુ થયા હતા. ચેન્નાઈ સ્થિત કંપનીની ઉત્પાદન પ્રક્રિયામાં અનેક ક્ષતિઓ પણ જોવા મળી હતી. ફેબ્રુઆરીમાં, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આંખના મલમની નબળી ગુણવત્તાને લઈને મહારાષ્ટ્રની ગેલેન્ટિક ફાર્માને તબીબી ચેતવણી જારી કરી હતી. તાજેતરમાં, યુએસ કોંગ્રેસની ઊર્જા અને વાણિજ્ય સમિતિએ ચાઈનીઝ અને ભારતીય દવાઓ ઉપર વધુ પડતી નિર્ભરતા અંગે યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનને તેની ચિંતા વ્યક્ત કરી હતી. આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે બંને દેશો ગુણવત્તાના માપદંડોનું પાલન કરવામાં વારંવાર નિષ્ફળ જાય છે. ગ્લોબલ ફાર્માના આર્ટિફિશિયલ ટીયર્સ આંખના ડ્રોપને લીધે યુ.એસ.માં આંખના ચેપના ૬૮ કેસ નોંધાયા છે.

**શ્રીલંકાની ફરિયાદ**

શ્રીલંકાને માર્ચમાં મુંબઈ સ્થિત કંપની અલવિતા ફાર્મા પાસેથી મિથાઈલપ્રેડનિસોલોન આઈ ડ્રોપ્સનો પુરવઠો મળ્યો હતો, તે ઈન્ડિયાના ઓપ્થેલ્મિક્સ ઉત્પાદનોનું માર્કેટિંગ કરે છે. શ્રીલંકામાં ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (મેડિકલ સપ્લાય) ડો. ડીઆરકે હેરાથના જણાવ્યા અનુસાર, ચેપનો પહેલો કેસ ૪ એપ્રિલે નોંધાયો હતો. કોલંબોની નેશનલ આઈ હોસ્પિટલ અને ગમ્પાહા અને નુવારા-ઈલિયાની ડિસ્ટ્રિક્ટ જનરલ હોસ્પિટલોમાં મોતિયાની શસ્ત્રક્રિયા કરાવનારા કેટલાક દર્દીઓએ આંખના ચેપની ફરિયાદ કરી હતી. નુવારા-ઈલિયા હોસ્પિટલમાં, આની તપાસ કરવા માટે એક વિશેષ સમિતિની નિમણૂક કરવામાં આવી હતી. એક માઈક્રોબાયોલોજિસ્ટે ચેપગ્રસ્ત દર્દીઓની આંખોમાંથી પ્રવાહીના નમૂના લીધા. તેઓએ ગ્રામ-નેગેટિવ ઓક્સિડેઝ પોઝિટિવ બેક્ટેરિયાનું સકારાત્મક પરીક્ષણ કર્યુ હતું. ગ્રામ-નેગેટિવ બેક્ટેરિયા એ પેથોજેન્સ છે જે પર્યાવરણમાં વ્યાપક હોય છે, અને જો તેઓ ગંભીર આંખના ચેપનું કારણ બને તો દર્દી દ્રષ્ટિ ગુમાવી શકે છે. ગ્રામ-નેગેટિવ પેથોજેન કાં તો શસ્ત્રક્રિયા દરમ્યાન ઉપયોગમાં લેવાતા બિન-જંતુરહિત તબીબી સાધનો દ્વારા અથવા દૂષિત આંખના ટીપાં દ્વારા ફેલાય છે. આથી, મોતિયાની શસ્ત્રક્રિયા દરમ્યાન ડોકટરોએ અત્યંત કાળજી લેવી પડે છે અને જંતુરહિત ઉત્પાદનોનો ઉપયોગ કરવો પડે છે. પ્રોટોકોલ અનુસાર, આવા કેસ વધ્યા પછી આંખના ડ્રોપની સાથે ઓપરેશન થિયેટરના તમામ સાધનોનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આંખના ડ્રોપ લેબના રિપોર્ટમાં બેક્ટેરિયા માટે પોઝિટિવ આવ્યા હતા. જયરત્નેએ પુષ્ટિ કરી કે દર્દીઓમાં બેક્ટેરિયલ ચેપ આંખના ટીપાંમાં બેક્ટેરિયાના દૂષણ સાથે મેળ ખાય છે. આના પગલે, શ્રીલંકાની નેશનલ મેડિસિન રેગ્યુલેટરી ઓથોરિટીએ ઈન્ડિયાના ઓપ્થેલ્મિક્સ દ્વારા ઉત્પાદિત તમામ મેથાઈલપ્રેડનિસોલોન આંખના ટીપાં પાછા ખેંચી લીધા હતા. જયરત્નેએ કહ્યું કે, ઉત્પાદન પાછું ખેંચી લેવામાં આવ્યા પછી, ચેપના કોઈ નવા કેસ સામે આવ્યા નથી. નેશનલ આઈ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટરે જણાવ્યું હતું કે તેમની હોસ્પિટલમાં મોતિયાની સર્જરી માટે સારવાર લેતા અને આંખના ડ્રોપનો ઉપયોગ કરતા બે દર્દીઓએ તેમની દ્રષ્ટિ ગુમાવી દીધી છે. આ ઉપરાંત, ઘણા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાંથી અમને રીફર કરવામાં આવ્યા હતા. અમે તેમાંથી લગભગ ૫૦ની સારવાર કરી છે.

**ભારતમાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી**

જ્યારે આ અંગે ગુજરાતના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશ્નર હેમંત કોશિયાનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે સ્ક્રોલને જણાવ્યું કે ડ્રગ ઈન્સ્પેક્ટરોની ટીમે સુરેન્દ્રનગરમાં ઈન્ડિયાના ઓપ્થેલ્મિક્સના વઢવાણ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. કોશિયાએ જણાવ્યું હતું કે નિરીક્ષણમાં ઉત્પાદન પ્રથાઓમાં કોઈ મોટી ક્ષતિ જોવા મળી નથી. કોશિયાએ ભારતના સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, તેમની આંખના ટીપાંના નમૂના CDSCO દ્વારા લેવામાં આવ્યા છે. તેનો હજી લેબ રિપોર્ટ્સ આવવાનો બાકી છે. શ્રીલંકાએ એલર્ટ કર્યા પછી ગુજરાત ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને ઈન્ડિયાના ઓપ્થેલ્મિક્સને નોટિસ જારી કરી છે, પરંતુ કંપનીને તેની આંખના ઉત્પાદનોનું ઉત્પાદન ચાલુ રાખવાની મંજૂરી આપી છે. ૧ જૂનના રોજ, ફાર્માસ્યુટિકલ્સ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, અથવા ફાર્મેક્સિલ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળની એજન્સીએ ઈન્ડિયાના ઓપ્થેલ્મિક્સને એક નોટિસ જારી કરીને પ્રોડક્ટની વિગતો, તેના લાઈસન્સ અને તેણે કોને દવા સપ્લાય કરી તેની વિગતો માંગી હતી. ફાર્મેક્સિલના સેક્રેટરી ઉદયભાસ્કરે જણાવ્યું હતું કે કંપનીએ તેમના તમામ પ્રશ્નોના જવાબ આપ્યા છે. અમે તેમની સદસ્યતા સસ્પેન્ડ કરી નથી, CDSCO તેમની તપાસના આધારે તેમની સામે કાર્યવાહી કરશે. ૧૬ મેના રોજ, શ્રીલંકાના કેબિનેટે આંખના ચેપ અંગે ચર્ચા કરી અને તપાસ હાથ ધરવા અને અસરગ્રસ્ત દર્દીઓને વળતર આપવાનો નિર્ણય કર્યો હતો. હેરાથે જણાવ્યું હતું કે તે સ્થાપિત કર્યું છે કે આ આંખના ટીપાં ચેપ માટે જવાબદાર છે. જો કે કોશિયાએ જણાવ્યું હતું કે ઉત્પાદક વિશે અગાઉની કોઈ ફરિયાદ નથી. ઈન્ડિયાના ઓપ્થેલ્મિક્સે સ્ક્રોલના ઈમેઈલ સંદેશનો જવાબ આપ્યો ન હતો. સ્ટીરોઈડના સપ્લાયર અલવિતા ફાર્માએ પણ આઈ ડ્રોપ્સના જથ્થા ઉપર ઈમેલ ક્વેરીનો જવાબ આપ્યો ન હતો. મુંબઈમાં ડ્રગ ઈન્સ્પેક્ટર નિશિગંધા પષ્ટેએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશને મહારાષ્ટ્ર એફડીએને ચેતવણી વિશે જાણ કરી નથી. અલવિતાએ અહીં ઉત્પાદન કર્યુ નથી, તે ફક્ત તૃતીય પક્ષ ઉત્પાદક પાસેથી લેબલ અને સપ્લાય કરવામાં આવે છે. ઉત્પાદનના તબક્કા દરમ્યાન દૂષિત થવાની શક્યતાઓ સૌથી વધુ હોય છે. એકવાર બોટલ સીલ થઈ જાય પછી, વિતરક માત્ર તેનું પરિવહન કરે છે.

# ભાજપના સાંસદે દેશનું નામ ‘ઈન્ડિયા’થી બદલીને ‘ભારત’ કરવાની માંગણી કરી



નવી દિલ્હી, તા.૨ ભાજપના સાંસદ નરેશ બંસલે શુક્રવારે સંસદમાં રાજ્યસભામાં કહ્યું કે, દેશનું નામ ‘ઈન્ડિયા’ એ ‘વસાહતી ગુલામી’નું પ્રતીક છે અને તેને ‘બંધારણમાંથી દૂર કરવું જોઈએ.’ તેમણે દેશનું નામ બદલીને ‘ભારત’ રાખવાની પણ માંગ કરી હતી. ગૃહમાં બંસલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ‘ઈન્ડિયા’ શબ્દ બ્રિટિશ સંસ્થાનવાદી શાસકો દ્વારા રાખવામાં આવ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશનું સાચું પ્રાચીન નામ ‘ભારત’ છે, જેનું મૂળ પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં છે અને તે હજારો વર્ષોથી ઉપયોગમાં લેવાય છે. બીજેપી સાંસદે કહ્યું કે, સમૃદ્ધ ઐતિહાસિક ઓળખ ધરાવતા રાષ્ટ્ર તરીકે ભારતે સંસ્થાનવાદી યુગના નામને છોડી દેવું જોઈએ. અંગ્રેજોએ ભારતનું નામ બદલીને ઈન્ડિયા રાખ્યું હતું. કલમ-૧ હેઠળ, બંધારણ જણાવે છે કે, ‘ઈન્ડિયા, એ ભારત છે.’ આપણો દેશ હજારો વર્ષોથી ‘ભારત’ નામથી ઓળખાય છે, આ દેશનું પ્રાચીન નામ છે અને પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં જોવા મળે છે. ‘ઈન્ડિયા’ નામ વસાહતી રાજ દ્વારા આપવામાં આવ્યું હતું અને આમ તે ગુલામીનું પ્રતીક છે માટે બંધારણમાંથી આ નામ દૂર કરવું જોઈએ. તેમણે ગયા વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેમણે સંસ્થાનવાદના તમામ અવશેષોને નાબૂદ કરવા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, હું પ્રસ્તાવ મૂકું છું કે, સ્વતંત્રતાના અમૃત કાલ હેઠળ, અમે કલમ-૧ની શરૂઆત બદલીને ભારત નામ રાખીએ કરીએ અને ‘ઈન્ડિયા’ નામ હટાવી દેવું જોઈએ. બંસલે વિનંતી કરી હતી કે, રાષ્ટ્રનું નામ બદલીને ‘ભારત’ રાખવું એ ‘દેશની ધરોહરને સન્માનિત કરવા અને તેની ઓળખને દૂર કરવા’ તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું હશે. બીજેપી ભારતીય રાષ્ટ્રીય વિકાસલક્ષી ગઠબંધન અથવા ઈન્ડિયાના વિપક્ષી જૂથને વારંવાર ઘોષણા કરીને નિશાન બનાવી રહી છે કે, ‘ભારત’ નામ સંસ્થાનવાદી ભૂતકાળનો અવશેષ છે. દરમ્યાન કોંગ્રેસના ઘણા નેતાઓએ ધ્યાન દોર્યું હતું કે, ભાજપ તમામ વસાહતી વારસાને દૂર કરવા માટે મક્કમ દેખાઈ રહ્યું હોવા છતાં ભાજપ સરકારે તેની મુખ્ય યોજનાઓ અને ચળવળો જેમ કે મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ-માં ‘ભારત’ નામનો ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું છે. અપ ઈન્ડિયા અને ન્યૂ ઈન્ડિયા.

## લોથલનો પાંચ હજાર વર્ષ જૂનો ઈતિહાસ પ્રદર્શિત કરતું મ્યુઝિયમ આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવાશે

# વિશ્વનું સૌથી મોટું નેશનલ મેરિટાઈમ હેરિટેજ મ્યુઝિયમ રૂા.૪૫૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામશે

- વિશ્વનું સૌથી ઊંચુ “લાઈટ હાઉસ મ્યુઝિયમ” તથા સૌથી મોટી “ઓપન એક્વેટિક ગેલેરી” પણ બનશે
- ૪૦૦ એકર વિસ્તારમાં બનનારા આ કોમ્પ્લેક્ષ ખાતે ભવ્ય નેવલ મ્યુઝિયમ સહિતના આકર્ષણો સામેલ

ગાંધીનગર, તા.૨ પુરાતત્વીય ખોદકામથી ઐતિહાસિક પ્રાસંગિકતાના અનેક સ્થળો મળી આવ્યા છે. જેમાં ગુજરાતના લોથલનો પણ સમાવેશ થાય છે. આવા ‘લોથલ’ ખાતે ‘નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્સ’(NMHC) આકાર પામી રહ્યું છે. રૂપિયા ૪,૫૦૦ હજાર કરોડના ખર્ચે નિર્માણ પામનારા આ કોમ્પલેક્ષ આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ બની રહેશે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષ (NMHC)નું અમદાવાદ જિલ્લાના લોથલ ખાતે નિર્માણ કરવામાં આવી રહ્યું છે. લોથલ ખાતેનું ડોક્યાર્ડ વિશ્વનું સૌપ્રથમ માનવસર્જિત ડોકયાર્ડ છે જેને આજથી આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં બનાવવામાં આવ્યું હતું. ભારત દેશના મેરીટાઈમ ઈતિહાસ અને ટેકનોક્રાફ્ટના મિશ્રણ સાથે તૈયાર થનારૂં આ હેરિટેજ કોમ્પ્લેક્ષ લોકો માટે એક દર્શનીય સ્થળ ઉપરાંત અભ્યાસ માટેનો અનુભવ બનશે. તેને વિશ્વના અન્ય આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમોની સમકક્ષ બનાવી તેની સારસંભાળ લેવામાં આવશે. આ પ્રોજેક્ટ સમગ્ર ભાલ પ્રદેશની અર્થવ્યવસ્થા વિકસાવવામાં પણ મદદરૂપ સાબિત થશે. જેના પરિણામ સ્વરૂપે હજારો લોકો માટે રોજગારીની અનેક તકો અહીં સર્જાશે. કુલ ૪૦૦ એકરના વિસ્તારમાં આ પ્રોજેક્ટનું નિર્માણ થશે. આ પ્રોજેક્ટનું નિર્માણ ૩ ભાગમાં કરવામાં આવશે. પહેલા ભાગનું કાર્ય હાલ ચાલુ છે. આ પ્રોજેક્ટમાં દુનિયાનું સૌથી વિશાળ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ બનશે. દુનિયાના સૌથી ઊંચું લાઈટ હાઉસ મ્યુઝિયમનું નિર્માણ આ કોમ્પ્લેક્ષમાં કરવામાં આવશે. દુનિયાની સૌથી મોટી ઓપન એક્વેટીક ગેલેરી પણ આ જ કોમ્પ્લેક્ષમાં બનાવવામાં આવશે. ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને પ્રદર્શિત કરવા માટે વિશ્વકક્ષાના આ નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષને તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ નેશનલ મેરીટાઈમ હેરિટેજ મ્યુઝિયમના માસ્ટર પ્લાનની ડિઝાઈન મુલાકાતીઓને એક ભવ્ય મેરીટાઈમ ઈતિહાસમાંથી પસાર કરાવશે જેમાં શિક્ષણ, મનોરંજન અને આરામદાયક સમયની અનુભૂતિ હશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રાચીન સમયમાં લોથલ માત્ર સિંધુ ખીણની સંસ્કૃતિનું મુખ્ય વેપાર કેન્દ્ર જ ન હતું, પરંતુ તે ભારતની સમુદ્રી શક્તિ અને સમૃદ્ધિનું પ્રતિક પણ હતું. એક સમય એવો હતો જ્યારે લોથલ બંદર ૮૪ દેશોના ધ્વજથી ચિહ્નિત હતું અને વલભી ૮૦ દેશોના વિદ્યાર્થીઓનું ઘર હતું. લોથલમાં હેરિટેજ મ્યુઝિયમાં સામાન્ય માણસ તેનો ઈતિહાસ સરળતાથી સમજી શકે. જેમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને એ જ યુગને ફરી સજીવન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# ઓખામાં મોહમ્મદ રફી ની ૪૩ મી પુણ્યતિથિ એ " સાઝ ઔર આવાઝ " દ્વારા સંગીત કાર્યક્રમનું આયોજન કરાયું






(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨ દ્વારકા ના " સાઝ ઔર આવાઝ ગ્રુપ " દ્વારા ૩૧ જુલાઈ જે સદીઓના મહાન ગાયક એવા મુહમ્મદ રફી ની પુણ્યતિથિ ને અંતર્ગત શ્રદ્ધાંજલિ આપવાના ભાગ રૂપે સંગીત નો કાર્યક્રમ કરવામાં આવેલ. કાર્યક્રમમાં સૌ ગ્રામ જનો જોડાયા.આ કાર્યક્રમમાં ઓખાના વેપારીઓ તેમજ ગ્રામ જનોએ હાજરી આપી હતી.આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન દીપકભા માણેક દ્વારા કરવામાં આવેલ.આ કાર્યક્રમને સફળ બનાવવા "સાઝ ઔર આવાઝ ગ્રુપ" દ્વારકાના દીપકભા માણેક, ખેરાજભા સુમણિયા, કારૂભા સુમણીયા તેમજ પૂજાદવે દરેકે સાથે મળીને જહેમત ઉઠાવી હતી.આ તકે દીપકભા માણેકએ સ્થાનિક આગેવાનોનો, ગ્રામ જનોનો આભાર વ્યક્ત કરેલ.

# જૂનાગઢના જાણીતા સીંગર લીનાબેન ભટ્ટનું નીધન : સંગીત પ્રેમીઓમાં શોકની લાગણી



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨ જૂનાગઢનાં જાણીતા લોકપ્રિય કરાઓકે સિંગર અને સિધ્ધ કરાઓકે મ્યુઝિક એકેડેમીના સંચાલ લીનાબહેન ભટ્ટ તા.૩૧-૭-૨૦૨૩ સોમવારના રોજ દુઃખદ અવાસન થયું છે. અણધારી વિદાયથી સંગીત પ્રેમીઓમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. જૂનાગઢ શહેરમાં સગુન હાઈટ્સ, મીરાનગરમાં રહેતા અને સિધ્ધ કરાઓકે મ્યુઝિક એકેડેમીના સંચાલક લીનાબહેન ભટ્ટનું સોમવારે સવારે દુઃખદ અવસાન થતા જૂનાગઢની સંગીતપ્રેમી જનતામાં આઘાત સાથે શોકની લાગણી ફેલાઈ ગઈ છે. લીનાબેન એટલે એક એવું વ્યક્તિત્વ કે જેઓ ઉચા ગજાના સીંગર હોય અને દરેક સાથે મિલનસાર સ્વભાવના કારણે સારી એવી ચાહના ધરાવતા હતા. તેઓના માર્ગદર્શન હેઠળ કરાઓકે સીંગર અને સિધ્ધ કરાઓકે મ્યુઝિક એકેડેમી કાર્યરત હતી અને સંગીતનું જ્ઞાન આ એકેડેમી સંસ્થામાં દાખલ થયેલા લોકોને પુરૂ પાડવામાં આવતું હતું. તેમની અણધારી વિદાયથી સંગીતપ્રેમીઓમાં દુઃખની લાગણી પ્રગટી છે અને સદગતને ભાવપુર્ણ શ્રધ્ધાંજલી આપવામાં આવી રહી છે.

# કેશોદ તાલુકાના કેવદ્રા ગામે ગૌ માતા માટે લાડુ બનાવવામાં આવ્યા



(ગોવિંદ હડીયા દ્વારા) કેશોદ તા. ૨ અધિક માસ નિમીતે મહીલાઓ દ્વારા અનેક જગ્યાએ ગોરબાઈમાંનું પુજન અર્ચન કરવામાં આવેછે તો કયાય લાડુ પીરસવામાં આવેછે

કેશોદ તાલુકાના કેવદ્રા ગામે આવેલી શ્રી પુરુષોતમ સત્સંગધોળ પદ ધુન સાથે ભકિતભાવથી અધિક માસની ઉજવણી કરવામાં આવેછે તો કયાય ગાયો માટે લાડુ બનાવી ગાયોને લાલજી ગૌ શાળા ખાતે ગાયો માટે લાડુ બનાવવામાં આવ્યા હતા. ગોપીભાવ સત્સંગ મંડળ દ્વારા ગાયોની બહેનો દ્વારા લાડુ બનાવી ગાયોને ખવડાવવામાં આવ્યા હતા. તેમજ બહેનો દ્વારા રાશ લઈ પુરૂષોત્તમ માસ ચાલતો હોય ત્યારે સત્સંગ અને સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે ગૌ શાળા ના ટ્રસ્ટી ગણ અને સેવાભાવી ગામલોકોએ સહકાર આપ્યો હતો

# એસટી કર્મચારી મંડળ જૂનાગઢ વિભાગના મહામંત્રી દિલીપભાઈ રવિયાનો આજે જન્મદિવસ : અભિનંદનની વર્ષા



જૂનાગઢ તા. ૨

જૂનાગઢ એસટી કર્મચારી મંડળના મહામંત્રી દિલીપભાઈ રવિયાનું આજે જન્મદિવસ હોય તેમના મિત્રો-શુભેચ્છકો દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

છેલ્લા ૧૩ વર્ષથી એસટી કર્મચારી મંડળ જૂનાગઢ વિભાગના મહામંત્રી તરીકે જેમનો સિંહફાળો રહયો છે તેમજ ખુબજ નાની વયે સંગઠનની ખુબ મોટી જવાબદારી સંભાળી એસટી કર્મચારીઓના પ્રશ્નો માટે જાગૃત રહી હંમેશા લડત કરી રહયા છે અને ખુબ સફળતા પણ મેળવી રહયા છે તેવા જૂનાગઢ એસટી વિભાગના કર્મચારીમાં સંગઠનના આગેવાન તરીકે એક અલગ ઓળખ ધરાવે છે એવા દિલીપભાઈ એસ. રવિયાનો આજે ૪૩ મો જન્મદિવસ છે. તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

# એઈમટ્રોન ફાઉન્ડેશન દ્વારા જેરામભાઈ વસાણીની પુણ્યતિથિ નિમિત્તે ત્રંબા ગામે "એઈમટ્રોન લાઈબ્રેરી"નું ઓપનિંગ, રકતદાન કેમ્પ, હેલ્થ ચેકઅપ સહિતના કાર્યક્રમ યોજાયા





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨

એઈમટ્રોન ફાઉન્ડેશન અમેરિકા સ્થિત સામાજિક સંસ્થા દ્વારા રાજકોટમાં મહિલા, યુવા અને બાળકોનાં સર્વાંગી વિકાસ માટે આરોગ્ય, શિક્ષણ, સ્કીલ ડેવલોપમેન્ટ, સેલ્ફ ડિફેન્સ, આર્ટ, ક્રાફટ જેવી અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવામાંઆવી રહી છે. જેના ભાગરૂપે સંસ્થા દ્વારા પોપ્યુલર સ્કૂલ, ત્રંબા ખાતે એઈમટ્રોન લાઈબ્રેરી તથા સાયન્સ લેબનું લોકાર્પણ, બ્લડ ડોનેશન કેમ્પ, હેલ્થ ચેકઅપ, તેજસ્વી તારલાઓનું સન્માન, સીવણ તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એઈમટ્રોન ફાઉન્ડેશનના સ્વપ્રદ્રષ્ટા એવા અમેરિકા સ્થિતશ્રી મુકેશભાઈ વાસાણીની દીઘર્દ્રષ્ટિ અને વતન પ્રત્યેનું ઋણ અદા કરવાની સામાજિક ભાવના સાથે અનેક સેવાકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ લોકાર્પણ પ્રસંગે તેઓએ પોતાના માતૃશ્રી રંભાબેન જેરામભાઈ વસાણીના હાથે લાયબ્રેરીનું ઓપનિંગ કરાવ્યું. તેઓ ખાસ અમેરિકાથી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, તેઓ અને તેઓની સંસ્થા મહિલાઓને પગભર કરવા હરહંમેશ પ્રયત્નશીલ છે. તેઓનું સ્પષ્ટ માનવુંછે કે, પગભર થયેલી એક મહિલા તેના જેવી અન્ય ઓછામાંઓછી ૧૦મહિલાઓને પગભર કરી શકે છે. ગ્રામ્ય વિસ્તારના લોકો પણ આગળ વધી ખુબ સારૂ કાર્ય કરી શકે છે. દ્રઢ નિશ્ચયશકિતથી જીવનમાં સફળતા પ્રાપ્ત થઈ શકે. આ લોકાર્પણ પ્રસંગે યોજાયેલા રકતદાન કેમ્પમાં ૪૦ જેટલી બોટલ એકત્ર થઈ હતી. ૨૩૫ જેટલા ભાઈઓ બહેનોનું હેલ્થ ચેકઅપ કરી જરૂર જણાયે વિનામૂલ્યે દવા આપવામાં આવી હતી. ૩૦ જેટલા સીવણ તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. એલ.કે.જી. થી ધો.૧૨ સુધીમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર ૪૮ જેટલા તેજસ્વી તારલાઓને પ્રોત્સાહક ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોનાં હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સરોજબેન મારડિયા દ્વારા સુંદર શૈલીમાં કરવામાં આવ્યું હતું. આ તકે શાળા સંચાલક શર્મિલાબેન બાંભણિયા, ટ્રસ્ટી લખનભાઈ બાંભણીયા, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો સહિત ભાઈઓ બહેનો જોડાયા હતા.

# ફેફસાના કેન્સરની સમયસર સારવારથી દર્દીનું જીવન બચાવી શકાય : ડો. શ્રેયસ ઢોલરીયા

## કેન્સરના કુલ કેસોમાંથી ૬.૮ ટકા ફેફસાના કેન્સર નોંધાઈ છે



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ)ના નિષ્ણાંત ફુલ ટાઈમ કેન્સર સર્જન ડો.શ્રેયસ ઢોલરીયા એ વર્લ્ડ લંગ્સ કેન્સર ડે નિમીતે માહિતી આપતા જણાવેલ હતું કે આપણી છાતીમાં બે ફેફસા હોયછે, ફેફસા એ શ્વસન તંત્રનુ ખુબ જ અગત્યનુ અંગે છે. નાકમાંથી લીધેલો શ્વાસ (ઓકસીજન) ફેફસા મારફતે લોહી સુધી પહોંચે છે. ડો. શ્રેયસ ઢોલરીયાએ જણાવેલ કે ફેફસાની કોશિકાઓ જયારે અનિયંત્રિત રીતે વૃધ્ધિ કરે ત્યારે ગાંઠ બની જાય છે જેને ફેફસાનું કેન્સર કહેવામાં આવે છે. જેનું મુખ્ય કારણ ધુમ્રપાન છે. તેથી ધુમ્રપાન બંધ કરવાથી કેન્સરનો ફેલાવો અટકાવવામાં મદદ થાય છે. ફેફસાનું કેન્સર એ ચેપી રોગ નથી. સામાન્ય રીતે ફેફસાના કેન્સરના નિદાન માટે સી.ટી.સ્કેન અને બાયોપ્સી જેવી તપાસ કરવામાં આવે છે. સી.ટી.સ્કેનદ્વારા કેન્સરનો ફેલાવો કેટલો છે તે જાણી શકાય છે અને બાયોપ્સી કરવાથી કેન્સરની વિસ્તૃત માહિતી મળે છે. ફેફસાના કેન્સરની નિયમીત તપાસ માટે LD CT SCAN (Low Dose CT Scan) કરવામાં આવે છે. જે ૫૦ થી ૮૦ વર્ષની કોઈપણ વ્યકિત જે રોજ ધુમ્રપાન કરે છે.(રોજની ૨૦ બીડી– એવા ૨૦ વર્ષ સુધી ધુમ્રપાન કરેલ હોય.) તેમાં કેન્સર થવાની સંભાવના વધી જાય છે. અથવા લક્ષણો જેવા કે ઉધરસ આવવી, ઉધરસમાં લોહી પડવું, પીઠનો કે છાતીનો દુઃખાવો, ભુખ ન લાગવી, વજન ઘટવું, અવાજ બેસી જવો વગેરે હોય તેને કેન્સરની તપાસ અવશ્ય કરાવવી જેથી યોગ્ય તપાસ અને સચોટ સારવાર દ્વારા કેન્સરને જળમુળ માંથી હટાવી શકાય છે. સમાન્ય રીતે ફેફસાના કેન્સરની સારવારમાં જો સ્ટેજ-૧નું કેન્સર હોય તો સર્જરી, સ્ટેજ-૨/૩માં સર્જરી અથવા કિમોથેરાપી અને રેડીયોથેરાપી અને સ્ટેજ-૪માં કિમોથેરાપી આપવામાં આવે છે. ડો. શ્રેયસ ઢોલરીયાએ લોકોને ધુમ્રપાન ન કરવા અપીલ કરેલ છે. એ ઉપરાંત ફેફસા એ આપણા શરીરનું મહત્વનું અંગ છે તેથી તેને લગતા રોગોની સારવાર વહેલી તકે કરવી ખુબ જ આવશ્યક છે. જો ઉપરોકત લક્ષણો દર્દીમાં જણાય તો આપના ફેમીલી ડોકટરની સલાહ લઈ તાત્કાલીક સારવાર લેવી જોઈએ જેથી સમયસર નિદાન અને સારવાર થઈ શકે. નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં કેન્સરને લગતી તમામ સારવાર રાહત દરે ઉપલબ્ધ છે.

## એઈમ્સ રાજકોટ ખાતે વાઈરલ હિપેટાઈટિસ અંગેની

# પ્રથમ આંતરરાષ્ટ્રીય ઓનલાઈન કોન્ફરન્સમાં હિપેટાઈટિસ (કમળા)ના નિયંત્રણ અને સારવાર માટે વિશ્વ કક્ષાએ સહકાર, જ્ઞાન અને સંકલનની એક પહેલ શરૂ કરાઈ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨

''વિશ્વ હિપેટાઈટિસ (કમળો) દિવસ-૨૦૨૩'' નિમિત્તે તા. ૨૮ જુલાઈના રોજ એઈમ્સ રાજકોટ ખાતે વાઈરલ હિપેટાઈટિસ અંગેની આંતરરષ્ટ્રીય કક્ષાની પ્રથમ CME (કોન્ફરન્સ) ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત ઉપરાંત નેપાળ, બાંગ્લાદેશ, મ્યાનમાર, યુ.એ.ઈ. અને પાકિસ્તાન સહિત દેશ-વિદેશના ૧૦૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સમાં વાઈરલ હિપેટાઈટિસ(કમળા)ના નિયંત્રણ અને સચોટ સારવાર અંગે મેડિકલ ક્ષેત્રે થયેલા નવીનતમ સંશોધન અંગે વિસ્તૃત ચર્ચા અને જાણકારી પૂરી પાડવામાં આવી હતી. એઈમ્સ રાજકોટના નિર્દેશક પ્રો. ડો. (કર્નલ) સી. ડી .એચ કટોચના નેતૃત્વ હેઠળ પહેલી આંતરરષ્ટ્રીય કક્ષાની CMEનું આયોજન કરીને હિપેટાઈટિસ(કમળા)ના નિયંત્રણ અને સારવાર માટે વિશ્વ કક્ષાએ સહકાર, જ્ઞાન અને સંકલનની એક પહેલ શરૂ કરાઈ છે. આ પ્રસંગે વિષય નિષ્ણાત તરીકે પ્રો. ડો. (કર્નલ) અશ્વિની અગ્રવાલ, માઈક્રોબાયોલોજી વિભાગના પ્રાધ્યાપક અને વડા, તથા દેશની પ્રસિધ્ધ લીવર અને બિલિયરી સંસ્થાના વાઈરોલોજિસ્ટ પ્રો. ડો. એકતા ગુપ્તા અને લીવરને લગતા રોગોના નિષ્ણાત ડો. અશોક ચૌધરી ઉપરાંત એઈમ્સ રાયપુરના નિષ્ણાંત ડો. પ્રજ્ઞા અગ્રવાલે વ્યાખ્યાનો રજૂ કર્યા હતા. આ આંતરરષ્ટ્રીય CMEનું સફળતાપૂર્વક આયોજન એઈમ્સ રાજકોટના માઈક્રોબાયોલોજી વિભાગ આયોજન સમિતિના અધ્યક્ષ પ્રો.(કર્નલ) અગ્રવાલ તથા સમિતિના સચિવ ડો. અભિષેક તેમજ સમિતિના સભ્યો ડો. મયુરી, ડો. અનિલ ચૌધરી, ડો. ભૂમિકા, ડો. કિંજલ તથા ડો. સાક્ષીએ મહત્વૂર્ણ યોગદાન આપ્યુંહતું.

# ઉના તાલુકાના દશનામ સમાજના વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨

જય સોમનાથ ગૃપ આયોજીત ઉના તાલુકા દશનામ ગોસ્વામી સમાજ સરસ્વતી સન્માન સમારોહ ૨૦૨૩નું ખાપટ નિવાસી અને દશનામ સમાજના દિલેર દાતા સુંદરપુરી કાનપુરી ગોસ્વામીની અધ્યક્ષતામાં યોગા કેન્દ્ર વરશિંગપુર રોડ ઉના ખાતે તારીખ ૩૦- જુલાઈ ૨૦૨૩ના રોજ ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જય સોમનાથ ગૃપ દ્વારા આ પ્રથમ વખત વિદ્યાર્થી સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો આ ગૃપ દ્વારા પ્રથમ આયોજન હોવા છતાં ખુબ સુંદર વ્યવસ્થા અને શિસ્તબધ્ધ કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં ઉના તાલુકાના દશનામ સમાજના આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ આમંત્રિત મહેમાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થી ભાઈ બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ઉના તાલુકા દશનામ ગોસ્વામી સમાજના બસો જેટલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમા વિદ્યાર્થીઓને સ્કુલબેગ, પ્રમાણપત્ર તેમજ શિલ્ડ આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમના મુખ્ય દાતા સુંદરપુરી કાનપુરી ગોસ્વામી ખાપટના અધ્યક્ષ સ્થાને સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમા તમામ વિદ્યાર્થીઓને સંત અમરગીરીબાપુ ભુતડાદાદા ગરાળ તરફથી રૂપિયા ૧૦૧નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને દિપાવવવા શુંદરપુરીબાપુ (ખાપટ), રાજેશભારથી બાપુ (કોર્પોરેટ નગરપાલિકા ઊના), રમેશ ગિરી બાપુ (મંત્રી શહેર ભાજપ ઊના), હિતેન્દ્ર ગીરી બાપુ (સામતેર), દીલીપ ગિરીબાપુ ઊના, મનિષ ગિરી બાપુ ઊના, જેઠાબાપુ સામતેર, મહેશગિરીબાપુ (SBI), શૈલેષ ગીરી બાબુગીરી ગોસ્વામી (એડવોકેટ) તથા સમાજના તમામ શિક્ષકગણ એ સેવા આપી ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

## અખબારી અહેવાલોનો પડઘો

# ખંભાળિયાના રેલવે સ્ટેશન રોડ માટે રૂપિયા ૧.૪૧ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ખંભાળિયા શહેરના અનેક રસ્તાઓ ખખડી ગયા હોય, જેના કારણે શહેરના વાહન ચાલકો તથા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ અંગે તાજેતરમાં સતસ્વીર અખબારી અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ રેલવે સ્ટેશન માર્ગને નવેસરથી બનાવવા માટે સરકાર દ્વારા રૂા.૧.૪૧ કરોડ મંજૂર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. રેલવે સ્ટેશનથી નગર ગેઈટ ખંભાળિયા શહેરમાં જામનગર તરફથી પ્રવેશવાના માર્ગ ઉપર સુધીનો રસ્તો ખૂબ જ ખખડી ગયેલો અને ઉબડખાબડ હોય, આ બાબતે નગરપાલિકા તંત્ર દ્વારા સરકાર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતો સંદર્ભે આ રોડ રીસર્ફેસિંગની ગ્રાન્ટમાંથી સીસી રોડ બનાવવા માટે દરખાસ્ત પણ કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા ગઈકાલે સોમવારે સરકારની રોડ રીસર્ફેસિંગની ગ્રાન્ટમાંથી ખાસ કિસ્સા તરીકે આ રસ્તો સીસી રોડ બનાવવા માટે રૂપિયા ૧.૪૧ કરોડની સિદ્ધાંતિક મંજૂરી સાંપડી છે. આ રોડ નવ મીટર પહોળો સીસી રોડ બનાવવામાં આવશે. જેથી ખાસ કરીને વાહન ચાલકોને થતી હાલાકીમાંથી મુક્તિ મળશે તેમ નગરપાલિકાના પ્રમુખ ભાવનાબેન પરમારની યાદીમાં જણાવ્યું છે. આ સાથે ખંભાળિયા નગરપાલિકા દ્વારા રોડ રીસર્ફેસિંગની ગ્રાન્ટ અન્વયે શહેરના અન્ય જુદા જુદા રસ્તાઓમાં પણ ડામરથી રીસર્ફેસિંગ કરવા માટે ચોથા પ્રયત્ન હેઠળ ઈ-ટેન્ડરીંગ કરવામાં આવ્યું છે. આ અંગેની પ્રક્રિયા પૂર્ણ થઈ અન્ય રસ્તાઓ પણ દૂરસ્ત કરવામાં આવશે તેમ વધુમાં જણાવ્યું છે.

# ઓખા : વિજ શોક લાગવાથી બે ગાયોના મૃત્યું

(રાકેશ સામાણી દ્વારા)



દ્વારકા, તા.૨

ઓખા નગરપાલિકાનાં સુરજકરાડી-કૃષ્ણનગર વિસ્તારમાં પીજીવીસીએલની ઘોર બેદરકારીથી ઈલેક્ટ્રિક શોક લાગવાથી બે ગાયોનો મૃત્યું થયેલ છે. અવાર-નવાર રજૂઆત કરવા છતાંય પીજીવીસીએલ દ્વારા યોગ્ય સમારકામ કરેલ ના હોય જેનાથી અઠવાડિયામાં આ બીજી ઘટના બનેલ છે. અઠવાડિયા પહેલા એક ગાય અને એક કૂતરૂ આજ રીતે શોક લાગવાથી મૃત્યું પામેલ હતા. આ ઉપરાંત ભીમરાણામા પણ વિજશોકથી માનવ જીદગી અને ૬ જેટલા ગૌવંશ વિજશોકથી મોતને ભેટયા છે. પીજીવીસીએલ દ્વારા સમારકામ કરવામાં આવશે કે આજ રીતે મૂંગા પશુઓના જીવ જતા રહેશે તેવો વેધક સવાલ પીજીવીસીએલ તંત્રને ગૌ સેવકો અને પ્રજા પૂછી રહ્યા છે.

# અમરેલી ખાતે શ્રી સમસ્ત ભાટીયા યુવક મંડળ અને મહિલા મંડળ દ્વારા આયોજીત શ્રીમદ ભાગવત સપ્તાહ સંપન્ન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨

શ્રી સમસ્ત ભાટીયા યુવક મંડળ અને શ્રી સમસ્ત ભાટીયા મહીલા મંડળ અમરેલી આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહ સફળતા પૂર્વક સંપન્ન થઈ છે. આ ભાગવત સપ્તાહના આયોજનને સફળ બનાવવા માટે યુવક મંડળ અને મહીલા મંડળ છેલ્લા ૪ મહિના થી તનતોડ મહેનત કરી રહ્યા હતા. ભાવિકોએ ૭ દીવસ સુધી માણ્યું.આવું આયોજન અમરેલીના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર થયું છે. દરેક જ્ઞાતિજનોએ બહુજ સારો પ્રતિસાદ આપ્યો હતો. શાસ્ત્રી રવીદાદા અને તેમની ટીમે સંગીતમય ભાગવતનું રસપાન કરાવ્યું. આ ૭ દીવસ દરમ્યાન યુવક મંડળ અને મહીલા મંડળ દ્વારા નાનામાં નાની વસ્તુઓનો ખ્યાલ રાખવામાં આવ્યો હતો જેનાથી આપણા મહેમાનોને કે, પોથી યજમાનોને કોઈપણ જાતની તકલીફ ના પડે. યુટયુબ ઉપર આ સપ્તાહના આયોજનને લાઈવ કરીને યુવક મંડળ તથા મહીલા મંડળે અનેરો આનંદ આપ્યો છે. જેનો સંપૂર્ણ ખર્ચ મંડળ દ્વારા કરવામાં આવ્યો હતો. ૭ દીવસ દરમ્યાન આયોજનને સફળ બનાવવાં માટે અમરેલી યુવક મંડળ અને મહીલા મંડળને જેથી જ્ઞાતિજનોએ તન, મન અને ધનથી જે સહયોગ આપ્યો છે તે દરેકનો આભાર માનવામાં આવ્યો હતો.



પપ્પા, સ્કુલમાં મીસે એટલું બધું હોમવર્ક આપે છે કે, એની ચિંતામાં હું સુખેથી ભોજન પણ નથી કરી શકતો !



અંદરો અંદર ઝગડો ન કરો, આ અઠવાડિયે પપ્પા મારૂ હોમવર્ક કરી આપશે અને આવતા અઠવાડિયે મમ્મી !

# પિતૃ તર્પણ માટે ભારતભરમાં જાણીતું સ્થળ એટલે કે 'સૌ વાર કાશી એકવાર પ્રાંચી'

## મહાભારતનું યુદ્ધ પૂર્ણ થયા બાદ પાંડવો દ્વારા ક્ષેત્ર તીર્થ દરમ્યાન તેમના માથે લાગેલા ગોત્ર હત્યાના પાપમાંથી મુક્ત થવા અહીં વિધિ કરી દાન દક્ષિણ આપી હતી ત્યારબાદ પાપ મુક્ત થયા હતા : ભાદરવી અમાસે, ચૈત્ર માસમાં રામનવમી અને પૂનમ ઉપર ઊમટે છે માનવ મેરામણ







(જાદવભાઈ ચુડાસમા દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨

નાઘેર પંથકનુ કાશ્મીર ગણાતું પ્રાચી તીર્થ ક્ષેત્રે પ્રાચી તીર્થ માં હાલ ચાલી રહેલ અધિક શ્રાવણ માસ દરમ્યાન આવતાં યાત્રાળુઓને રહેવા માટે શ્રી કોળીસમાજ ભવન સહિત વિવિધ સમાજે બનાવેલી છે. ધર્મશાળાઓ, હજારો માનવો જે પિતૃઓ પેત રૂપે આ દિગંત આત્માઓના ઉદ્ધાર માટે સૌરાષ્ટ્રથી લઈ ગુજરાત તથા ભારત ભરમાં મોક્ષ આપતા તીર્થો છે. જે મૃતકોને તેમના કર્મદોષથી મુક્તિ અપાવવા તીર્થોમાં જઈ તેમના પરિવારજનો દ્વારા વિવિધ વિધિ કરી દોષમુક્ત કરાય છે. સોમનાથથી નજીક પ્રાચી તીર્થ મહાત્મય શાસ્ત્રોમાં વર્ણવેલ છે એટલે જ શ્રદ્ધાળુઓ ઘણી વખત બોલે છે સો વાર કાશી એકવાર પ્રાચી આ પ્રાચી તીર્થમાં નાના-મોટા મંદિરોની સાથે વિધિ કરવાના સ્થાન છે. આ તીર્થમાં આખા વર્ષ દરમ્યાન જેમાં ચાર માસનું પૂનમનું મહત્વ અનેરૂ છે. જેમાં કાર્તિક પૂનમ, ચૈત્રી પૂનમ, શ્રાવણી પૂનમ અને ભાદરવી પૂનમમાં ખાસ પૂજા થાય છે. અહીં શ્રદ્ધાળુઓ વર્ષ ઉપર આવી તેમના કુળના દિગંવત આત્માના ઉદ્ધાર કરે છે. કહેવાય છે કે, મહાભારતના યુદ્ધ પૂર્ણ થયા બાદ પાંડવો સૌરાષ્ટ્ર ક્ષેત્રના તીર્થાટન દરમ્યાન તેના માથે લાગેલા ગોત્ર હત્યાના તથા બધા પાપો માથે મુક્ત થવા અહીં વિધિ -વિધાન કરી દાન-દક્ષિણા આપી હતી. ત્યારબાદ પાપમુક્ત થયા હતા. એટલું જ નહીં આ સ્થળે હાલ પીપળાનું વૃક્ષ છે ત્યાં જ વિધિ કરેલ તે મોક્ષ પીપળો હાલ પણ પૂજનીય છે અને તેમના દ્વારા શ્રી માધવરાયજી પ્રભુ લક્ષ્મીજી સાથે પ્રાગટ્ય ત્યાજ નજીકમાં વેણી માધવ નામના વિષ્ણુ ભગવાન પ્રગટ થયા અને ધર્મરાજાને પ્રત્યક્ષ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યા ત્યાં જે કોઈ મનુષ્ય જય સરસ્વતી કુંડમાં સ્નાન કરી પીપળે પાણી રેડી વેણી માધવ ના દર્શન કરે સે તે સર્વ પાપથી મુક્ત થઈ સારી રીતે યાત્રાધામના ફળને પામે છે. તેથી પિતૃઓ નર્કથી મુક્ત થઈ સ્વર્ગ લોકમાં જાય છે. તે મંદિર સરસ્વતી નદીમાં વચ્ચે છે. આ ક્ષેત્રમાં જે ભાવિક ભક્તો નિસંતાન છે તેને અહીં નારાયણ બલીની વિધિ કરાવવામાં આવે છે. વિધિ બાદ ત્રિવેણી સ્થાને એક જ વસ્ત્રથી સ્નાન કરી ભૂદેવોને ભોજન દાન આપી વિદ્વાનોના આશીર્વાદથી તે નિસંતાન દોષમાંથી મુક્ત થઈ સંતાન પ્રાપ્તિ થાય છે. કોઈ કાળે આ સ્થળે રાજા જન્મેજય તળાવમાં કાળાસાન્ડ સાથે સ્નાન કરતા તેને કાળો કોઢ નીકળેલો. આથી એણે આ પ્રાચી તીર્થમાં વિવિધ વિધિવત પૂજા, સ્નાન, દાન, પુણ્ય બાદ તેનો કોઢ દૂર થયેલો. આથી ઘણા ક્ષેત્રેને સાંઢ તીર્થ પણ કહે છે. આ તીર્થમાં જગતગુરૂ શ્રી મંદ વલ્લભાચાર્યજીની બેઠક પણ અહીં છે. પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના અનુયાયીઓનું પણ આ તીર્થ છે. આ તીર્થમાં સયાજીરાવ ગાયકવાડના દિવાન વિઠોબાજી દ્વારા બે મંદિર બાંધવામાં આવેલ છે. જે આજે વિઠલેશ્વર તથા અર્જુનાર તરીકે ઓળખાય છે અને પૂજાય છે. પાંડવોના કાળમાં આ જ સ્થળે ધર્મરાજાની સાથે પૃથ્વી માતાએ વાદવિવાદ કરેલ આ પ્રાંચી તીર્થનું નામ પ્રાચી કેમ પડ્યું ! તે બાબત જોઈએ તો હંમેશા સરસ્વતી નદીનું વર્તુળ હંમેશા સમુદ્ર તરફ જતું હોય છે. આથી જ તેને પશ્ચિમ કે દક્ષિણ દામિની કહે છે, પણ ક્યાંય પૂર્વમાં જતી નથી તેનું વહેણ પૂર્વમાં જતું હોવાથી તેને પ્રાચી કહે છે.

આ તીર્થમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા પૂજ્ય કસ્તુરબા સદેહે જોડે યાત્રા કરી ગયેલ છે તેમજ તેમના દેહ વિલય પછી તેમના અસ્થિ વિસર્જન તથા શ્રાદ્ધ વિધિ આ તીર્થમાં કરવામાં આવેલ હતી. આ પ્રાચીન ગ્રંથમાં શ્રદ્ધાળુઓને રહેવા ઉતરવા ધર્મશાળાની વ્યવસ્થા છે .

આ તીર્થ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથથી ૨૫ કિમી દૂર આવેલું છે. હાલ અધિક શ્રાવણ માસ નિમિત્તે દૂર દૂરથી યાત્રાળુઓ અંહી દર્શન માટે આવે છે અને પુણ્યનું ભાથું બાંધે છે.

**આ તીર્થનું નામ પ્રાચી કેમ પડ્યું ?**

પાંડવોના કાળમાં આ જ સ્થળે ધર્મરાજાની સાથે પૃથ્વી માતાએ વાદવિવાદ કર્યા હતા. આ પ્રાંચી તીર્થનું નામ પ્રાચી કેમ પડ્યું તે બાબતે જોઈતો હંમેશા સરસ્વતી નદીનું વહેણ હંમેશાં સમુદ્ર તરફ જતું હોય છે આથી જ તેને પશ્ચિમ કે દક્ષિણ દામીની કહે છે પણ ક્યાંય પૂર્વમાં જતી નથી તેનું વહેણ પૂર્વમાં જતું હોવાથી તેને પ્રાચી કહે છે.

**પૂજ્ય બાપુ અને બાએ સોજોડી કરી હતી પ્રાંચીન તીર્થોની યાત્રા**

આ તીર્થમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા પૂજ્ય કસ્તુરબા સહ જોડે યાત્રા કરી છે. તેમજ તેમના દેહ વિલય થયા પછી તેમના અસ્થિ વિસર્જન તથા શ્રાદ્ધ વિધિ અહીં કરવામાં આવી હતી.

**પાંડવો દ્વારા યુદ્ધ પૂર્ણ થયા બાદ પાપ મુક્ત થવા કરાઈ વિધિ**

મહાભારતનું યુદ્ધ પૂર્ણ થયા બાદ પાંડવો દ્વારા ક્ષેત્ર તીર્થ દરમિયાન તેમના માથે લાગેલા ગોત્ર હત્યાના પાપમાંથી મુક્ત થવા અહીં વિધિ કરી હતી અને દાન દક્ષિણા આપી હતી. ત્યારબાદ પાપ મુકત થયા હોવાની લોકવાઈકા છે.

**પીપળે પાણી રેડી વેણી માધવના દર્શન કરે, તે સર્વ પાપમાંથી મુક્ત પામે**

અહીં હાલ પીપળાનું વૃક્ષ છે ત્યાં જ વિધિ કરાય છે. તે મોક્ષ પીપળો હાલ પુજનીય છે અને તેમના દ્વારા શ્રી માધવરાયજી પ્રભુ લક્ષ્મીજી સાથે પ્રાગટ્ય ત્યાજ નજીકમાં જ વેણી માધવ નામના વિષ્ણુ ભગવાન પ્રગટ થયા અને ધર્મરાજાને પ્રત્યક્ષ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યા ત્યાં જે કોઈ મનુષ્ય સરસ્વતી કુંડમાં સ્નાન કરી પીપળે પાણી રેડી વેણી માધવના દર્શન કરે છે. તે સર્વ પાપથી મુક્ત થઈ સારી રીતે યાત્રાધામના ફળને પામે છે જેથી પિતૃઓ નર્કથી મુક્ત થઈ સ્વર્ગલોકમાં જાય છે તે મંદિર પૂર્વ વાહિની સરસ્વતીનીના જાંબુડા ઝાડ વચ્ચે છે.

# ભારતમાં ફૂટબોલ ૨૦ વર્ષમાં ગેમચેન્જર બનશે : જી.એસ.એફ.એ.ની ૪૫મી એ.જી.એમ.ને સંબોધતાં પરિમલ નથવાણી




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨

૨૦ વર્ષ પછી ફૂટબોલ સમાજમાં ગેમચેન્જર બની રહેશે અને ભારતમાં ક્રિકેટને સમાન બની જશે, એમ પરિમલ નથવાણીએ જણાવ્યું હતું. તેઓ આજે અમદાવાદમાં ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનની ૪૫મી વાર્ષિક સાધારણ સભા (એ.જી.એમ.)ને સંબોધન કરી રહ્યા હતા. શ્રી પરિમલ નથવાણીના પ્રમુખપદ હેઠળ જી.એસ.એફ.એ.ને ગુજરાતના કોર્પોરેટ્સ તરફથી ખૂબ મોટું પ્રોત્સાહન મળ્યું છે. ઘણાં લાંબા સમયથી ફૂટબોલ સંસ્થાને મદદ કરતી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ઉપરાંત, હવે અદાણી ગ્રૂપ, ટોરેન્ટ ગ્રૂપ અને ઝાયડસ ગ્રૂપ પણ ગુજરાતમાં ફૂટબોલને સહાય કરવા માટે આગળ આવ્યાં છે. આ અંગેની જાહેરાત રાજ્યસભાના સાંસદ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સ વિભાગના ડાયરેક્ટર પરિમલ નથવાણી, જેઓ જી.એસ.એફ.એ.ના પ્રમુખ પણ છે, દ્વારા ૪૫મી વાર્ષિક સાધારણ સભામાં આજે અમદાવાદમાં કરવામાં આવી હતી. પરિમલ નથવાણીના નેતૃત્વમાં જી.એસ.એફ.એ. જમીની સ્તરે ફૂટબોલના વિકાસ માટે નિરંતર કાર્યરત છે. જી.એસ.એફ.એ.ને ગર્વ છે કે ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.)ની ચૂંટણ ૩૩ વિ. ૧ મતથી જીતનારા એ.આઈ.એફ.એફ.ના પ્રમુખ કલ્યાણ ચૌબેને ગુજરાતમાંથી નોમિનેટ કરવામાં આવ્યા હતા. ચૌબેને જી.એસ.એફ.એ.ની એકિઝક્યુટીવ કમિટીમાં સમાવવામાં આવ્યા છે. વાર્ષિક સાધારણ સભાને સંબોધતા નથવાણીએ જિલ્લા ફૂટબોલ એસોસિએશનના હોદ્દેદારોને તેમના પ્રતિભાશાળી ખેલાડીઓના પ્રદર્શનનો અહેવાલ તથા ગુજરાત ફૂટબોલને આગળના તબક્કામાં લઈ જવા માટેના વિકાસ આયોજન તૈયાર કરવા માટે અપીલ કરી હતી. "તમે તમારા પ્રશ્નો લઈને અમારી સમક્ષ આવો, કોઈ જ સમસ્યા નથી, પરંતુ તમારે તમારું રીપોર્ટ કાર્ડ પણ લઈને આવવું જોઈએ", અને ઉમેર્યું હતું કે "તમામ જિલ્લા ફૂટબોલ એસોસિએશને પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી કરવી જોઈએ અને અમે તેમને તમામ સ્તરે મદદ કરવા તૈયાર છીએ." તેમણે જણાવ્યું હતું કે જો જિલ્લા ફૂટબોલ એસોસિએશન પણ પોતાની પ્રતિબદ્ધતા દર્શાવે તો જી.એસ.એફ.એ. ગુજરાત ફૂટબોલને આઈ.પી.એલ. ક્રિકેટ જેવા સ્તરે લઈ જવા માટે પ્રતિબદ્ધ છે. જી.એસ.એફ.એ. ઈન્ડિયન સુપર લીગ (આઈ.એસ.એલ.)ની તર્જ ઉપર રાજ્ય-સ્તરે ફૂટબોલ લીગ શરૂ કરવા અંગે પણ વિચારણા કરી શકે છે. જી.એસ.એફ.એ.એ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન વિવિધ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું જેમકે રિલાયન્સ કપ, જી.એસ.એફ.એ. સિનિયર મેન્સ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ, ગુજરાત સ્ટેટ વિમેન્સ લીગ, ખેલો ઈન્ડિયા સીટી લીગ અન્ડર-૧૭, ખેલો ઈન્ડિયા સીટી લીગ અન્ડર-૧૭ ગર્લ્સ, ૩૧મી બલરામ ક્ષત્રિય મેમોરીયલ (અન્ડર-૧૭) બોય્સ આઈ.ડી.એફ.ટી., જી.એસ.એફ.એ. સિનિયર વિમેન્સ આઈ.ડી.એફ.ટી ફોર લેટ ગુલાબ ચૌહાણ મેમોરીયલ ટ્રોફી, જી.એસ.એફ.એ. અન્ડર-૧૮ કલબ ચેમ્પિયનશીપ, જી.એસ.એફ.એ. અન્ડર-૧૫ કલબ ચેમ્પિયનશીપ, જી.એસ.એફ.એ. અન્ડર-૧૩ કલબ ચેમ્પિયનશીપ, જી.એસ.એફ.એ. કલબ ચેમ્પિયનશીપ સિનિયર મેન્સ, જી.એસ.એફ.એ. ફૂટસાલ કલબ ચેમ્પિયનશીપ સિનિયર મેન્સ, જી.એસ.એફ.એ. ફૂટસાલ કલબ ચેમ્પિયનશીપ સિનિયર વિમેન્સ. રાજ્યમાં ફૂટબોલની રમતના વિકાસ માટે જી.એસ.એફ.એ. દ્વારા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત સાથે એમ.ઓ.યુ. પણ કરવામાં આવ્યો છે. જી.એસ.એફ.એ. દ્વારા ગુજરાતના જિલ્લાઓમાં યુવાન પ્રતિભાઓને શોધી કાઢવા માટે ગોલ્ડન બેબી લીગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જે હવેથી બ્લૂ કબ્સના નામે ઓળખવામાં આવશે. "૬થી ૧૨ વર્ષની નાની વયે ફૂટબોલ રમતા યુવા ખેલાડીઓને પ્રોત્સાહન આપતા બેબી લીગના વિકાસમાં દેશભરમાં અગ્રણી હોવાનું જી.એસ.એફ.એ.ને ગૌરવ છે. આ લીગનો મુખ્ય હેતુ યુવા પ્રતિભાઓને શોધવાનો, જમીની સ્તરના ફૂટબોલનો વિકાસ અને રાજ્યમાં ફૂટબોલના વાતાવરણને પ્રોત્સાહન આપવાનો છે," એમ જી.એસ.એફ.એ.ના જનરલ સેક્રેટરી મૂળરાજસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. વાર્ષિક સાધારણ સભામાં જી.એસ.એફ.એ.ના ઉપપ્રમુખો અરૂણસિંહ રાજપૂત, હનીફ જિનવાલા અને ગુણવંતભાઈ ડેલાવાલા, જનરલ સેક્રેટરી મૂળરાજસિંહ ચુડાસમા, કોષાધ્યક્ષ મંયક બૂચ સહિતના જી.એસ.એફ.એ.ના હોદ્દેદારો તથા ૩૩ જિલ્લા ફૂટબોલ એસોસિએશનના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

## ગીરગઢડા યુવા ગ્રુપના પ્રમુખ તરીકે વરણી

(પ્રતિનિધિ દ્વારા)



ઉના તા.૨

ઉનાના ગીરગઢડા યુવા ગ્રુપના પ્રમુખ તરીકે ગીરગઢડાના સાહસિક, સામાજિક અને હિન્દુ-મુસ્લિમ સમાજમાં લોક ચાહના મેળવનાર યુવાન કાદુભાઈ મકરાણીની સર્વાનું મતે વરણી કરવામાં આવતા મકરાણી સમાજનું ગૌરવ વધારેલ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ફાર્માસિસ્ટો પડતર માંગણીઓના સંદર્ભે આંદોલનના માર્ગે

## પડતર માંગણીઓ ન સંતોષાતા વેક્સિનની વધારાની કામગીરીનો બહિષ્કાર




(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ગુજરાતમાં પંચાયત હસ્તકના ફાર્માસિસ્ટો દ્વારા વેક્સિનની વધારાની કામગીરી બદલ માસિક ભથ્થાની માંગણી તથા તાલુકા અને જિલ્લા કક્ષાએ ફાર્માસિસ્ટનું જરૂરી મહેકમ મંજૂર કરવા અંગે વર્ષોથી અનેક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં પણ વર્ષો જૂની આ માંગણીઓ સરકાર દ્વારા સ્વીકારવામાં આવી નથી. ગુજરાત સ્ટેટ પંચાયત ફાર્માસિસ્ટ એસોસિએશન - ગાંધીનગર દ્વારા વિધિવત રીતે આ અંગે આંદોલન હાથ ધરવામાં આવ્યું છે. આ આંદોલનના પગલે ફાર્માસિસ્ટોએ વેક્સિનની કામગીરીની ઓનલાઈન એન્ટ્રી અને તાલુકા તથા જિલ્લા કક્ષાએ ફાર્માસિસ્ટો પાસેથી મહેકમ વગરની લેવામાં આવતી વધારાની કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના પંચાયત હસ્તકના ફાર્માસિસ્ટો પણ આ આંદોલનમાં જોડાયા છે. જેના પગલે આરોગ્ય વિભાગમાં દવાઓ અને વેક્સિનેશન સહિતની કામગીરી ખોવાઈ જવાની સંભાવના છે. કામગીરીના આ બહિષ્કારના પગલે તારીખ ૯ ઓગસ્ટ સુધી ચોક્કસ એપમાં વેક્સિનેશનની એન્ટ્રી અંગેની કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. તારીખ ૯ ઓગસ્ટ સુધીમાં સરકાર દ્વારા જો આ બાબતે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો ૧૦ ઓગસ્ટથી ફાર્માસિસ્ટને લગતી વિવિધ કામગીરીઓનો બહિષ્કાર કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## અવસાન નોંધ

જૂનાગઢ નિવાસી શ્રી ભદ્રેશકુમાર ચંદ્રવદનભાઈ ભટ્ટના પત્ની, મિતાલી અને સિધ્ધાર્થ ભટ્ટના માતુશ્રી તથા યોગેશભાઈ એમ. રાવલ, ભાવેશભાઈ એમ. રાવલના મોટા બહેન લીનાબેન ભદ્રેશકુમાર ભટ્ટનું તા.૩૧-૭-૨૦૨૩ ને સોમવારે દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૩-૮-૨૦૨૩ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે હરીવાડી, હાટકેશ હોસ્પીટલ પાસે, જૂનાગઢ ખાતે રાખેલ છે.



# જૂનાગઢમાં પ્રજાના પ્રશ્નોની જાણકારી માટે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનો નવતર અભિગમ





(તસ્વીર: ધર્મેશ ખાચર)

**ટ્રાફીકની સમસ્યાના ઉકેલ માટે શ્રેણીબંધ પગલા લેવાશે : અસામાજીક પ્રવૃતિ વિરૂધ્ધ કડક કાર્યવાહી તેમજ કાળા કાચ, ત્રિપલ સવારી, ઓવર સ્પીડ અને નંબર વગરના વાહનો લઈને સીન જમાવનારાઓને કાયદાનું કરાવાશે ભાન : જૂનાગઢ શહેર તથા જીલ્લાના પ્રત્યેક તાલુકામાં ટ્રાફીક અંગેની સ્પેશ્યલ ડ્રાઈવ : જુના જૂનાગઢ વિસ્તારની મુલાકાત લઈ અને ટ્રાફીક સમસ્યાના ઉકેલ માટે જરૂરી સુચનો કર્યા**

(બ્યુરો ઓફિસ)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા તરીકે હર્ષદ મહેતાએ ચાર્જ સંભાળતાની સાથે જ જૂનાગઢ શહેર અને જીલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતી સંગીન બનાવવા તેમજ જીલ્લાભરમાં શાંતીભર્યો માહોલ રહે તેમજ પ્રજાકિય પ્રશ્નોનો ખાસ કરીને ટ્રાફીક સહિતના પ્રશ્નોનો ઉકેલ આવે તેમજ અસામાજીક કરનારાઓ સામે કડક પગલા ભરી અને ગુનાહિત પ્રવૃતિને નેસ્તનાબુદ કરવા સહિતના કડક પગલા ભરવાનો નિર્દેષ આપ્યો છે. ચાર્જ સંભાળ્યાના બીજા જ દિવસે બાહોશ અને કાર્યદક્ષ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા ગઈકાલે જૂનાગઢ શહેર અને જીલ્લાના પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજી અને સલામતી અને સુરક્ષા માટેના તમામ પગલાઓ માટે કડક કાર્યવાહી કરવાનો નિર્દેષ આપ્યો છે. રાજયના પોલીસ મહાનિર્દેશકના આદેશ સાથે આજે ગુજરાતના પ્રત્યેક તાલુકામાં ટ્રાફીક અંગેની સ્પેશ્યલ ડ્રાઈવ યોજવામાં આવી રહી છે. જેના અનુસંધાને જૂનાગઢ શહેર અને જીલ્લાના દરેક તાલુકામાં ટ્રાફીક અંગે ડ્રાઈવ યોજવામાં આવી છે. ખાસ કરીને ત્રિપલ સવારી, કાળા કાચ, ઓવર સ્પીડ, નંબર વગરના વાહનો તેમજ ડ્રીક એન્ડ ડ્રાઈવ કરનારાઓ સામે સખ્ત પગલા ભરવામાં આવશે તેમ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું.

જૂનાગઢ શહેરમાં ગઈકાલે બપોર બાદ પોલીસનું ફુટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું તેમજ જુના જૂનાગઢમાં મુલાકાત લઈ પ્રજાજનોની મુખ્ય સમસ્યાઓથી વાકેફ થવાના ભાગરૂપે જીલ્લા પોલીસ વડા દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા સરાહનીય પગલા લેવામાં આવી રહી છે. પ્રજાની દાદ ફરિયાદોને લોકોના દ્વારે પહોંચી અને વાકેફ થઈ ઓનધ પોસ્ટ પ્રજાકીય પ્રશ્નોને હલ કરવાની પહેલ કરવામાં આવી છે તે આવકારદાયક છે. નવનિયુકત પોલીસ વડા હર્ષદ મહેતાએ ગઈકાલે સાંજે શહેરના ત્રણેય પોલીસ સ્ટેશનની વિઝીટ કરીને શહેરી વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ કર્યું હતું અને પોલીસ કર્મીઓનો રોમિયોગીરી, અસામાજીક તત્વો ઉપર કડક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા હતા. એસપીએ ગઈકાલે સાંજે ૫:૧૫ કલાકે આઝાદ ચોક ખાતે આવેલ એ ડીવીઝન પોલીસ સ્ટેશન અને બી ડીવીઝન ખાતે વિઝીટ કરી હતી અને ત્યાં પોલીસ અધિકારીઓ અને પોલીસકર્મીઓને સૂચનાઓ આપીને કેવી રીતે કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવી તે અંગે માર્ગદર્શન આપીને અનેક આદેશો કર્યા હતા. ત્યાંથી તેઓ પંચહાટડી ચોક, દિવાન ચોક, માંડવી ચોક, ઝાલોરાપા ચોક, સુખનાથ ચોક, જેલ રોડ, કોર્ટ રોડ, ચિતાખાના ચોક અને ગાંધીચોક વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ કર્યું હતું. તેમની સાથે ડીવાયએસપી હિતેષ ધાંધલીયા, ડીવાયએસપી નિકિતા શિરોયા તેમજ એલસીબી, એસઓજી, ત્રણેય પોલીસ સ્ટેશનના પીઆઈ અને પીએસઆઈ સહિતનો પોલીસ કાફલો ફુટ પેટ્રોલિંગમાં જોડાયો હતો. ગાંધીચોક ખાતે પહોંચીને એસપીએ જણાવ્યું હતું કે, તેમના દ્વારા આજે શહેરની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થવા માટે ફુટ પેટ્રોલિંગ કર્યું હતું અને વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી હતી. હાલમાં ચાલી રહેલી ટ્રાફિક ડ્રાઈવ અન્વયે શહેર અને સમગ્ર જીલ્લામાં ટ્રાફિકના નિયમો અંગે કામગીરી કરવામાં આવશે. ખાસ કરીને કાળા કલરના કાચ ધરાવતા વાહનો, નંબર પ્લેટ વગરના વાહનો, ઓવરસ્પીડ, ડ્રીંક એન્ડ ડ્રાઈવના કેસો અન્વયે કડક કામગીરી કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. સાથે રોમિયોગીરી અને આવારાગિર્દી કરતા ઈસમો અને અસામાજીક તત્વો સામે વોચ ગોઠવીને કડક કાર્યવાહી કરવાના આદેશ કરવામાં આવ્યા છે. સાથે પોલીસ વાહનોમાં પોલીસ લખેલા લખાણો દુર કરવા પોલીસકર્મીઓને સુચના આપી હતી. આમ આજે જુના જૂનાગઢના વિસ્તારમાં એસપીએ ફુટ પેટ્રોલિંગ કરીનો રોડ-રસ્તાઓનું નિરીક્ષણ કરીને ટ્રાફિક સમસ્યાનો લગતા પ્રશ્નો હલ કરવા શું કરી શકાય તેનું નિરીક્ષણ કરીનો કાળવા ચોક અને સી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ માટે પહોંચ્યા હતા.

## ત્યાગ, સેવા અને સમર્પણના પ્રતીક સમા જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ લોકોને રાશન કીટનું વિતરણ કરાયું

**ગિરનારી ગ્રુપની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને આવકારતા લોકો : સમીરભાઈ દતાણી**



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢની ગિરનારી ગ્રુપની અખબારી યાદીમા જણાવવામાં આવે છે કે, તાજેતરમાં જૂનાગઢ શહેર તથા આજુબાજુમાં ભારેથી અતિ ભારે વરસાદ પડેલ હોય જેમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના માલ સામાન સહિતની જાનહાની થયેલ છે. એવી પરિસ્થિતિમાં લોકોને આપવા માટેનો વિચાર ઉદભવેલો આ વિચાર દિવ્યશભાઈ જેઠવાને જણાવતા તેમના મિત્ર અમરેલીના કાવેરી ગોળના માલિક નાસીરભાઈ ટાંકને જણાવેલ એમણે તરત જ કોઈપણ જાતનો વિચાર કે વિલંબ કર્યા વગર ગિરનારી ગ્રુપને ૩૫૦ રાશન કીટ જરૂરિયાતમંદ લોકોને વિતરણ કરવા માટે આપેલ હતું. એ બદલ ગિરનારી ગ્રુપે એમનો ખૂબ ખૂબ આભાર માનેલ હતો. આ રાશન કિટને પહોંચતી કરવા માટે પાર્થભાઈ દાવડા, વરશીલભાઈ બુંદેલીયા, નાગરાજભાઈ ખુમાણ, જુનેદભાઈ અમરેલી, સફાનભાઈ અમરેલી, પિયુષભાઈ, પ્રફુલભાઈએ સહયોગ આપેલ હતો. આ તમામ રાશન કીટનું વિતરણ જૂનાગઢ શહેર તથા પલાસવા ગામના ભરતભાઈ સિદપરા, વિજયભાઈ રોરિયા અને વિજાપુર ગામના પરેશભાઈ મોરવાડિયાની આગેવાની હેઠળ જરૂરિયાતમંદ લોકોને ગામમાં રાશન કીટ વિતરણ કરવામાં આવી હતી. આ કીટનું વિતરણ કરવામાં ગિરનારી ગ્રુપના સભ્યો સમીરભાઈ દતાણી, સંજયભાઈ બુહેચા, ભાર્ગવભાઈ દેવમુરારી, સમીરભાઈ ઉનડકટ, સમીરભાઈ દવે, દેવાંગભાઈ પંડ્યા, લલિતભાઈ ગેરિયા તથા શૈલેષભાઈ દવે સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.

## જૂનાગઢ, મેંદરડા, માંગરોળ, શીલ અને માળીયા પંથકમાં જુગાર દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ જીલ્લા પોલીસ તંત્ર દ્વારા વિવિધ સ્થળોએ જુગાર અંગે દરોડા પાડી જુગારીઓને ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે હવેલી ગલી, ચાંદી બજાર કોમ્પલેક્ષના પાર્કિંગમાં જાહેરમાં જુગાર રમતા આઠ શખ્સોને કુલ રૂા.૧૭૭૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. આ ઉપરાંત મેંદરડા પોલીસે ચિરોડા ગામની ગૌશાળા નજીકથી જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા.૩૨૧૦ની રોકડ સાથે ઝડપી લીધા છે. જયારે માંગરોળ મરીન પોલીસે મકતુપુર ગામેથી જાહેરમાં જુગાર રમતા બે મહિલા સહિત છને રૂા.૧૪૫૭૦ની રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. આ ઉપરાંત માંગરોળ-શાપુર રોડ ઉપરથી જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા.૧૫૨૦ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લેવામાં આવેલ છે. જયારે શીલ પોલીસે મેખડી ગામમાં સરવાણી વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા છ શખ્સોને રૂા.૧૨,૨૧૦ના મુદ્દામાલ સાથે તેમજ દિવાસા ગામના જુના ગામતળમાં જાહેરમાં જુગાર રમતા છ શખ્સોને રૂા.૨૬,૨૩૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે અનો માળીયા પોલીસે દુધાળા ગામે જાહેરમાં જુગાર રમતા છ શખ્સોને રૂા.૧૦,૧૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. આમ જૂનાગઢ જીલ્લાના વિવિધ પંથકમાંથી જુગાર રમતા લોકોને પોલીસે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## જૂનાગઢ સંગ્રહાલય દ્વારા આઝાદી પર્વની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨





રાજ્યના યુવક સેવા, રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગના પુરાતત્વ ખાતા તથા જૂનાગઢ સંગ્રહાલય દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. આ પર્વના ઉપલક્ષ્યમાં તેની ઉજવણીના આરંભે તા.૧૩-૮-૨૦૨૩ના સવારના ૧૦થી ૧:૩૦ વાગ્યા દરમ્યાન જૂનાગઢ સંગ્રહાલય, તાજ મંઝિલ, સરદાર બાગ, જમીન મોજણી કચેરી પાસે ખાતે આઝાદી પર્વને સંદર્ભમાં રાખીને કાર્ડ, વોલ હેંગિંગ, બેગ તથા રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ૮૩૨૦૦ ૮૨૭૪૨ નંબર ઉપર રજીસ્ટ્રેશન કરાવવા સંગ્રહાલયના ક્યૂરેટર ડો. શેફાલિકા અવસ્થીની યાદીમાં જણાવાયુંછે.


**ૐ નેચર ક્યોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
**બીના ઈલેક્ટ્રોનિક્સ**
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**:: જોઈએ છે ::**
૮૫ વર્ષ જુની અને જાણીતી રેટિયો કંપનીની પ્રોડકટ માટે FMCG અથવા અનાજ કઠોળની લાઈનના અનુભવ ધરાવતા સેલ્સમેન માર્કેટીંગ માટે જોઈએ છે.
ધોરાજી, વિસાવદર, તાલાળા, બિલખા માટે ડ્રીસ્ટીબ્યુટરશીપ આપવાની છે રસ ધરાવતા વેપારીઓએ સંપર્ક કરવો.
મો. ૯૯૯૮૮ ૮૯૬૪૪
મો. ૯૮૨૫૨ ૪૬૫૩૫

**મોબાઈલ... મોબાઈલ..**
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેક્શન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
**શ્રી જલારામ ટેલીકોમ**
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક • ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી** આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦થી ૧:૩૦, સાંજે ૫:૩૦થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
- સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
- જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
- આપના શુભપ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
**વિજય ઘી ડીપો**
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે"
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

**લેવા-વેચવા**
લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફ્લેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો
**મયંક એસ્ટેટ બ્રોકર**
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

**માણસો જોઈએ છે**
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ